શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ મેમનગર,
અમદાવાદ તથા શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ
વિશ્વવિદ્યા પ્રતિષ્ઠાનમ્‌નું મુખપત્ર

सद्‌विद्या प्रवर्तावो पृथ्वी परे...

ગુરુકુલ દર્શન

વર્ષ-૮ • અંક-૧ • જાન્યુઆરી-૨૦૧૬
પંચવાર્ષિક લવાજમ : રૂા. ૨૫૦/-



SGVP ને આંગણે ઉજવાયો... **સર્વજીવહિતાવહ ૧૧૧૧ કુંડી શ્રીમહાવિષ્ણુયાગ** તા. ૨૩ થી ૨૭ ડિસેમ્બર, ૨૦૧૫

અમારી પણ એ જ આજ્ઞા છે જે, 'સર્વે પરમહંસ તથા સર્વે સત્સંગી જ્ઞાનયજ્ઞ કરતા રહેજ્યો.'

(ભગવાન શ્રી સ્વામિનારાયણ, વચનામૃત ગ.મ.૮)

'ધનાઢ્ય એવા જે ગૃહસ્થ સત્સંગી તેમણે હિંસાએ રહિત એવા જે વિષ્ણુ સંબંધી યજ્ઞ તે કરવા.'

(શિક્ષાપત્રી, શ્લોક ૧૫૫)

ઇષ્ટદેવ ભગવાન શ્રી સ્વામિનારાયણના જીવન-કાર્ય અને આદેશ અનુસાર સૌનું જીવન યજ્ઞમય બને એવા હિતકારી શુભાશય સાથે ગુરુદેવ શાસ્ત્રીજી મહારાજ શ્રી ધર્મજીવનદાસજી સ્વામીએ પોતાના જીવનકાળ દરમિયાન અનેક જપયજ્ઞો અને હોમાત્મક યજ્ઞ-મહોત્સવો કર્યા. જેમાં જૂનાગઢને આંગણે કરેલ ૨૧ દિવસનો મહાયજ્ઞ ઇતિહાસમાં સુવર્ણ અક્ષરે લખાયેલ છે.

ભગવાન શ્રીહરિ અને ગુરુદેવના યજ્ઞમય જીવનમાંથી પ્રેરણા લઈને એ જ માર્ગને અનુસરતા પરમ પૂજ્ય સદ્‌ગુરુ પુરાણી શ્રી ભક્તિપ્રકાશદાસજી સ્વામીના દિવ્ય સંકલ્પાનુસાર, પરમ પૂજ્ય ગુરુવર્ય શાસ્ત્રી શ્રી માધવપ્રિયદાસજી સ્વામી તથા પરમ પૂજ્ય સદ્‌ગુરુ પુરાણી શ્રી બાલકૃષ્ણદાસજી સ્વામીના માર્ગદર્શન પ્રમાણે ન કેવળ સંપ્રદાય પરંતુ સમગ્ર ભારતમાં ક્યારેય ન થયું હોય એવું તારીખ ૨૩ થી ૨૭ ડિસેમ્બર, ૨૦૧૫ દરમિયાન ભવ્ય 'સર્વજીવહિતાવહ ૧૧૧૧ કુંડી શ્રી મહાવિષ્ણુયાગ'નું આયોજન થયું.

ગુરુકુલ દર્શન

-: સંસ્થાપક :-

સદ્‌વિદ્યા સદ્ધર્મરક્ષક પ્રાતઃસ્મરણીય પ. પૂ. ગુરુદેવ
શાસ્ત્રીજી મહારાજ શ્રી ધર્મજીવનદાસજી સ્વામી

: આશીર્વાદ :
પરમ પૂજ્ય પ્રાતઃસ્મરણીય શ્રી જોગીસ્વામી

: પ્રેરણા :
પરમ પૂજ્ય ગુરુવર્ય શાસ્ત્રી શ્રી માધવપ્રિયદાસજી સ્વામી

વર્ષ-૮, જાન્યુઆરી : ૨૦૧૬, અંક : ૧

પ્રકાશક	:	૫.પૂ. પુરાણી શ્રી બાલકૃષ્ણદાસજી સ્વામી
તંત્રી	:	પાર્ષદ શ્રી શામજી ભગત
સંપાદક	:	શાસ્ત્રી શ્રી યજ્ઞવલ્લભદાસજી સ્વામી
કલા સંયોજન	:	હરિકૃષ્ણ ગ્રાફિક્સ એન્ડ પ્રિન્ટ પ્રા.લી.
વ્યવસ્થાપન	:	જગજીવનભાઈ પટેલ
તસ્વીર	:	જી. વિઝન
મુદ્રક	:	સૂર્યા ઓફસેટ

છુટક અંક	:	રૂા. ૫/-
પંચ વાર્ષિક લવાજમ	:	રૂા. ૨૫૦/-
૨૫ વર્ષ લવાજમ	:	રૂા. ૭૦૦/-
વિદેશમાં ૨૫ વર્ષ લવાજમ	:	$ ૧૧૦/-

લવાજમ અંગે પત્રવ્યવહાર

'ગુરુકુલ દર્શન' કાર્યાલય
શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ
ગુરુકુલ રોડ, મેમનગર, અમદાવાદ-૫૨
ફોન (૦૭૯) ૨૭૯૧૨૫૯૧/૯૨

www.swaminarayangurukul.org
E-mail : darshan@sgvp.org

SwaminarayanGurukul
GurukulParivar

અનુક્રમણિકા

દર્શન અને ફલશ્રુતિ	૦૪
દિવ્યાનુભૂતિ	૦૬
અધ્યક્ષીય	૦૬
ન ભૂતો ન ભવિષ્યતિ	૦૭
મહોત્સવની પૂર્વ તૈયારી	૦૮
દેહશુદ્ધિ (પ્રાયશ્ચિત વિધિ)	૧૦
અરણીમંથન તથા જ્યોત યાત્રા	૧૧
યજ્ઞશાળા ઉદ્‌ઘાટન	૧૨
ભવ્ય અને દિવ્ય યજ્ઞશાળા	૧૪
સૂર્યાર્ઘ્ય વિધિ	૧૭
વિશ્વશાંતિ સત્સંગ સત્ર ઉદ્‌ઘાટન	૧૮
ગ્રંથ વિમોચન સમારોહ	૨૦
ગુરુકુલ પરિવાર મંચ	૨૨
રાજ દ્વારેથી...	૨૪
શહીદ જવાનોના પરિવારને વિદ્યા સહાય	૨૫
ઓડીયો-વિડીયો સી.ડી. પ્રકાશન	૨૫
યજમાનશ્રીઓને આશીર્વાદ	૨૬
બ્રહ્મનિષ્ઠ સંતોનું સાનિધ્ય	૨૮
ધર્માચાર્યોની પધરામણી	૩૦
મહાનુભાવોની ઉપસ્થિતિ	૩૩
ભારતીય સંસ્કૃતિ પ્રદર્શન	૩૫
સમાચાર દર્શન	૩૬

સર્વજીવહિતાવહ ૧૧૧૧ કુંડી શ્રીમહાવિષ્ણુયાગ

દર્શન અને ફલશ્રુતિ

સમગ્ર વિશ્વ અત્યારે એક પ્રકારની અશાંતિ, દહેશત અને ભવિષ્ય પરત્વેની અનિશ્ચિતતામાંથી પસાર થઈ રહ્યું છે. બીજા વિશ્વયુદ્ધ પછી પહેલીવાર આ જગતને શાંતિની અભૂતપૂર્વ અનિવાર્યતા ઊભી થઈ છે. આમાં વિશ્વના સર્વ રાષ્ટ્રો અને પ્રજા સમાન તરસથી સમાવિષ્ટ છે. આવા સંયોગોમાં રાજપુરુષોએ શું કરવું જોઈએ ? સમાજના આગેવાનોએ શું કરવું જોઈએ ? ધર્મગુરુઓએ શું કરવું જોઈએ ? એવા પ્રશ્નોની ચર્ચા સૌ કરતા હોય છે અને કરતા રહેશે.

સંત હૃદયમાંથી ઉપજેલી કરુણાએ આજના વિષમ સમયમાં એક મહાન યજ્ઞ-અનુષ્ઠાન દ્વારા સંતપ્ત જગતને શાંતિ આપવાનો જે સંકલ્પ કર્યો, પુરુષાર્થ કર્યો અને શ્રદ્ધામય માનવોને આ મહાયજ્ઞમાં જોડાવાનું ઈજન આપ્યું, એમાંથી પ્રગટ થયો આ **સર્વજીવહિતાવહ ૧૧૧૧ કુંડી શ્રી મહાવિષ્ણુયાગ.**

વેદકાળથી આરંભીને અદ્યાપિપર્યંત ભારતીય યજ્ઞવિભાવના વિવિધ રીતે પોષણ પામતી રહી છે. જેમાં ક્યાંક હિંસામય યજ્ઞોની પરંપરાઓ પણ ફૂલીફાલી હતી, પરંતુ ભગવાન શ્રી સ્વામિનારાયણે હિંસામય યજ્ઞનો અને હિંસામય વાણી-વર્તન-વિચારોનો સંપૂર્ણ નિષેધ કરીને અહિંસામય યજ્ઞ-પરંપરાની પ્રતિષ્ઠા કરી.

આ યજ્ઞને ભગવાન વિષ્ણુ જ માનવામાં આવે છે. 'यज्ञो वै विष्णुः' સમગ્ર વિશ્વ એ સ્વયં-સાક્ષાત્ વિષ્ણુ સ્વરૂપ છે અને આ સંદર્ભમાં યજ્ઞ હમેશા વિશ્વકલ્યાણની ભાવનાથી જ કરવામાં આવે.

શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ વિશ્વવિદ્યા પ્રતિષ્ઠાનમ્ SGVP અમદાવાદના આંગણે યોજાઈ ગયેલ સર્વજીવહિતાવહ મહાવિષ્ણુયાગના દ્રષ્ટા પરમ પૂજ્ય સદ્‌ગુરુ પુરાણી સ્વામી શ્રી ભક્તિપ્રકાશદાસજી સ્વામી મહાન-દિવ્ય સંકલ્પમૂર્તિ બની રહ્યા છે. પૂજ્ય પુરાણી સ્વામીએ ગુરુદેવ શાસ્ત્રીજી મહારાજ શ્રી ધર્મજીવનદાસજી સ્વામી પાસેથી જાણે યજ્ઞદીક્ષા લીધી હોય, તેમ સતત યજ્ઞાનુષ્ઠાન કરતા રહ્યા છે.

ગુરુદેવની યજ્ઞ-પ્રેરણાનો નૂતન આવિષ્કાર સમો આ મહાવિષ્ણુયાગ પરમ પૂજ્ય ગુરુવર્ય શાસ્ત્રી શ્રી માધવપ્રિયદાસજી સ્વામીના અધ્યક્ષસ્થાને તા.૨૩થી ૨૭



ડિસેમ્બર, ૨૦૧૫ દરમિયાન ઉજવાયો. તેમાં યજમાનોએ ભગવાન આદિનારાયણ સહિત સર્વ દેવતાઓને પૃથ્વી પર શાંતિ-સ્થાપના માટે આહ્વાન, સ્તુતિ અને સ્વાહાકાર સાથે આહુતિઓ સમર્પિત કરી.

૭૦ હજારથી વધારે ભાવિકોએ SGVP કેમ્પસના પ્રાંગણમાં રચાયેલી વિરાટ અને દિવ્ય યજ્ઞશાળાના દર્શન કર્યા. તેની સાથોસાથ ભારતભરના વિવિધ ધર્માચાર્યો અને મહાનુભાવોએ વિશ્વશાંતિ સત્સંગસત્રમાં પધારીને યજ્ઞના રહસ્યો, યજ્ઞગાથાઓ અને યજ્ઞની આવશ્યકતા ઉપર મનનીય સત્સંગનો લાભ આપ્યો.

આ પૃથ્વી પર પ્રાચીન આર્યસંસ્કૃતિની જે કેટલીક અપ્રતિમ અને મહાન ભેટ છે, તેમાં યજ્ઞ પ્રમુખ છે. યજ્ઞ આર્યોની મૌલિકતા અને આધ્યાત્મિક ઉન્નતિની પરાકાષ્ઠા છે. આર્યોએ હિમાલયની તળેટીઓમાં જીવનનો જે નૂતન ઉલ્લાસ જોયો, એને ચિરંતન કાળ સુધી જાળવવા તેમણે બ્રહ્માંડના દેવો સાથે એક સેતુ રચ્યો તે યજ્ઞ છે.

યજ્ઞ માત્ર ધાર્મિક વિધિવિધાન નથી, પરંતુ યજ્ઞ પંચતત્ત્વોથી રચાયેલાં બ્રહ્માંડની સકારાત્મક શક્તિઓનું પૃથ્વી પર અવતરણ છે. યજ્ઞ સંપૂર્ણ બ્રહ્માંડની સાત્વિકતા મનુષ્ય માટે ઉપલબ્ધ બનાવે છે. જેમ મહાન રાજા સિંહાસન પર શોભે છે, યોદ્ધાઓ ઘોડા પર, વક્તાઓ વ્યાસપીઠ પર, ચંદ્ર-સૂર્ય આકાશમાં, તે જ રીતે મહાન ઉપાસકો, સાધકો-પુરોહિતો યજ્ઞ સન્મુખ આસન પર જ શોભે છે.

ભારતીય સંસ્કૃતિએ યજ્ઞને કલ્પયજ્ઞ કહ્યો છે. જેવું કલ્પવૃક્ષ, તેવો જ આ કલ્પયજ્ઞ ! પૂજ્ય ગુરુવર્ય માધવપ્રિયદાસજી સ્વામીએ આ યજ્ઞ-મહોત્સવ દરમિયાન યજ્ઞગાથામાં આવા યજ્ઞના રહસ્યો પ્રગટ કરેલાં છે.

SGVPના આંગણે ઈ.સ.૨૦૧૨માં યોજાયેલ સદ્‌ગુરુ વંદના મહોત્સવની યાદી આપતો અને વિશેષ દિવ્યતા પ્રગટ કરતો આ મહાવિષ્ણુયાગ સમગ્ર ગુરુકુલ પરિવારના સ્નેહ, સેવા-ભાવના અને સમર્પણનો મહાયજ્ઞ બની રહ્યો.

પરમ પૂજ્ય સદ્‌ગુરુ પુરાણી શ્રી બાલકૃષ્ણદાસજી સ્વામીના માર્ગદર્શન પ્રમાણે SGVPના સંતો-હરિભક્તો અને યુવાનોની ટીમે જે રાત્રિ-દિવસ સેવાયજ્ઞ કર્યો, તેનાથી સમગ્ર મહાવિષ્ણુયાગ શોભી ઊઠ્યો.

દિવ્યાનુભૂતિ

વહાલા ભક્તજનો, આપણે સૌએ ભગવાન શ્રીહરિના પ્રભાવ-પ્રતાપ અને દિવ્યાનુભવ સાથે સર્વજીવહિતાવહ ૧૧૧૧ કુંડી મહાવિષ્ણુયાગનો દિવ્ય લાભ લીધો.

ભગવાનની પ્રસન્નતા અને વિશ્વશાંતિના ઉદ્દેશથી ઉજવાયેલ આ મહાયજ્ઞ મહોત્સવમાં ભગવાન શ્રીહરિ અને ગુરુદેવ શાસ્ત્રીજી મહારાજનો પળે પળે અનુભવ થતો રહ્યો.

યજ્ઞ મહોત્સવમાં અનેક ભક્તોની તન-મન-ધનની સેવા અજોડ રહી. સંતોના વચને દેહની પરવાહ કર્યા વગર કેટલાયે ભાઈ-બહેનો, વિદ્યાર્થીઓએ રાત્રિ-દિવસ સેવાઓ કરી. એ સેવાના પરિપાક રૂપે પ્રગટેલી મહાયજ્ઞની જ્વાળાઓ સર્વે ભાઈ-બહેનોનાં જીવનમાં અજવાળા પાથરે, એવી ભગવાન શ્રીહરિનાં ચરણોમાં પ્રાર્થના.

પૂજ્ય માધવપ્રિય સ્વામી, પૂજ્ય બાલકૃષ્ણ સ્વામી , પૂજ્ય શ્રીહરિ સ્વામી વગેરે સંતોની પ્રાર્થના અને સેવાથી સફળ થયેલા મહામહોત્સવનું મહા ફળ સર્વને સદાય સુખ-શાંતિ, સમૃદ્ધિ અને સત્સંગ-સમર્પણ પ્રત્યે દોરી જશે એવી મારી અંતરની પ્રાર્થના અને આપ સૌને અંતઃકરણમાંથી અભિનંદન સાથે આશીર્વાદ પાઠવું છું.

પુરાણી ભક્તિપ્રકાશદાસના હેતથી જય શ્રી સ્વામિનારાયણ...

અધ્યક્ષીય

પરમ પૂજ્ય પુરાણી શ્રી ભક્તિપ્રકાશદાસજી સ્વામીના નિર્મળ હૃદયમાં બિરાજમાન ભગવાન શ્રીહરિએ સ્વામીને પ્રેરણા કરી અને અદ્‌ભૂત યજ્ઞ મહોત્સવ ઉજવાયો.

ભારતીય સંસ્કૃતિની પરંપરા અદ્‌ભૂત છે. દિવસ આરંભ થાય એ પહેલા રોજ સૂર્યાર્ઘ્ય અર્પણ થાય છે. ઋષિમુનિઓએ સૂર્યવિજ્ઞાન વિશે ખૂબ સંશોધન કર્યું છે. સૂર્ય માત્ર આકાશમાં જ નથી, અણુ અણુમાં વ્યાપેલા છે. સૂર્યપતિ પૂર્ણપુરુષોત્તમ ભગવાન શ્રી સ્વામિનારાયણ અક્ષરધામમાં બિરાજમાન થકા અનંતકોટિ બ્રહ્માંડોને પ્રકાશે છે. એ પૂર્ણપુરુષોત્તમ નારાયણનાં તેજથી સમસ્ત ગ્રહો, નક્ષત્રો પ્રકાશિત છે. ભગવાન શ્રી સ્વામિનારાયણ વચનામૃતમાં કહે છે, 'આપણે જેમને નિત્ય દેખીએ છીએ એ સૂર્યનારાયણ પરમાત્માનું પ્રત્યક્ષ સ્વરૂપ છે, પરંતુ નિત્યદર્શન હોવાથી આપણને મનાતું નથી.'

અહીં સૂર્યાર્ઘ્યની વિધિમાં આપણાં વિદ્વાન આચાર્યો આદિત્ય-હૃદય સ્તોત્રનું ગાન કરે છે. આદિત્ય-હૃદય સ્તોત્રમાં સુંદર કથા છે. રામાયણમાં ભગવાન રામ રાવણના સૈન્યનો નાશ કરે છે, હવે રાવણનો વધ બાકી છે. ભગવાન રાવણનો વધ કરવા જઈ રહ્યા હતા, ત્યારે જેમણે સાત સાત સમુદ્ર ખેડ્યા એવા અગત્સ્ય ઋષિ ભગવાન રામ પાસે આવે છે અને કહે છે, 'હે રાઘવેન્દ્ર ! જો તમારે રાવણનો વધ કરવો હોય તો સૂર્ય-ઉપાસના કરવી જરૂરી છે.' આટલું કહી ઋષિ ભગવાન રામને આદિત્ય-હૃદય સ્તોત્રનો ઉપદેશ કરે છે. ત્યારબાદ ભગવાન રામ સૂર્ય-ઉપાસના પછી રાવણનો વધ કરે છે.

આ કથાનું રહસ્ય એ છે કે આપણાં હૃદયમાં કુંભકર્ણ, ઇન્દ્રજિત જેવા દોષો ઘર કરીને રહ્યા છે. એ દોષોનો વડો રાવણ રૂપી અહંકાર છે. આ રાવણ સેનાને લીધે આજે જગતમાં અશાંતિના વમળો ઉત્પન્ન થયા છે. એ વમળોને શાંત કરવા, અશાંતિને નાબૂદ કરવા પુરાણી સ્વામીએ આ મહાન યજ્ઞ કર્યો છે. એ દોષોને નાબૂદ કરવા કેવળ પ્રાર્થના જ ઉપાય નથી, એના માટે આપણે સાચા સૂર્ય ઉપાસક બનવું પડે, સૂર્ય જેવી સાત્ત્વિકતા અને તેજસ્વીપણું ધારણ કરવું પડે, દૃઢ મનોબળ કેળવવું પડે, ઉર્જાવાન બનવું પડે કે જેથી આસુરી તત્ત્વો આંખ પણ ઊંચી ન કરી શકે.

આદિત્ય-હૃદયની એક ઉપાસના લંકામાં થઈ અને બીજી ઉપાસના ગંડકીના કિનારે થઈ. ભગવાન શ્રી સ્વામિનારાયણે માત્ર બાર વર્ષની ઉંમરે સુકલકડી શરીરે નિરાહાર રહી સૂર્યનારાયણની ઉપાસના કરી અને ગાયત્રીમંત્રનો

જપ કર્યો. ચાર મહિનાની કઠોર તપશ્ચર્યાને અંતે સૂર્યનારાયણે દર્શન આપ્યાં, ત્યારે વર્ણીએ સૂર્ય પાસેથી અંતઃકરણમાં રહેલા દોષોને પરાભવ પમાડવાનું વરદાન માંગ્યું. સૂર્યનારાયણે બે હાથ જોડી કહ્યું, 'મહારાજ ! આપ તો મારા આરાધ્ય છો, પણ મનુષ્યચરિત્ર કરો છો, ત્યારે હું તમને વરદાન આપું છું કે તમને અંતઃકરણના દોષો પીડે એ સંભવ જ નથી. પરંતુ જે મનુષ્યો પોતાનાં હૃદયરૂપી યજ્ઞકુંડમાં તમારી મૂર્તિને ધારશે, તેમને પણ દોષો નહીં પીડે.'

ઉપાસના, યજ્ઞ-અનુષ્ઠાન આત્માની શક્તિને વધારનારું હોય છે. અનુષ્ઠાનથી વ્યષ્ટિ અને સમષ્ટિનું કલ્યાણ થાય તેવી ભાવના સેવવાની હોય છે. વ્યષ્ટિ કહેતા પોતાના આત્માનું કલ્યાણ અને સમષ્ટિ એટલે સમસ્ત જીવ-પ્રાણીમાત્રનું કલ્યાણ.

આપણું શરીર પંચભૂતોથી રચાયું છે. એ પંચભૂતોની પૂજા થવી જોઈએ. રસના ઇન્દ્રિયના દેવતા વરૂણદેવ છે. જીહ્વાનો આહાર શુદ્ધ હોય, તો વરૂણનું પૂજન થયું મનાય. જીહ્વામાં જ અગ્નિદેવ બિરાજમાન છે. વાણી વિસર્જન કરનારી નહીં પણ સર્જન કરનારી હોય, તો અગ્નિદેવનું પૂજન થયું ગણાય. કર્ણો દ્વારા શુભ શ્રવણ થાય તો તેમના દેવતા દિક્પાલોનું પૂજન થયું ગણાય. નેત્રથી સત્યં-શિવં-સુંદરમ્‌નાં દર્શન થાય, તો ખરી સૂર્યપૂજા થઈ કહેવાય.

એ જ રીતે મન, બુદ્ધિ, ચિત્ત અને અહંકારનો સંબંધ ચંદ્ર, બ્રહ્મા, વાસુદેવ અને રુદ્ર સાથે જોડાયેલો છે. મનમાં શુભ સંકલ્પો થાય, બુદ્ધિમાં મંગલકારી નિશ્ચય થાય, ચિત્ત પાવન બને અને અહંકાર નિર્મૂળ થાય ત્યારે ખરી વ્યષ્ટિની પૂજા થઈ ગણાય.

બીજી સમષ્ટિની ઉપાસના છે, જે પ્રકૃતિનાં રક્ષણથી થઈ શકે એમ છે. આજે પ્રત્યેક મનુષ્ય જીવન દરમિયાન વીશ વૃક્ષ વાવે, નદી-પર્વત-વન વગેરે પ્રાકૃતિક સંપત્તિનું રક્ષણ કરે, ખેતીમાં ઝેર જેવાં રસાયણોનો ઉપયોગ ન કરે, ઓર્ગેનિક ખેતીને પ્રોત્સાહિત કરે, ગાયોની સેવા કરે, ત્યારે ખરી સમષ્ટિની ઉપાસના થઈ ગણાય.

SGVPને આંગણે ઉજવાયેલા સર્વજીવહિતાવહ ૧૧૧૧ કુંડી મહાવિષ્ણુયાગનો ખરો હેતુ વિશ્વશાંતિની સાથે સાથે પ્રકૃતિ રક્ષણ પણ છે. સમગ્ર સમાજ આ સમસ્યાઓ પ્રત્યે જાગૃત થશે, ત્યારે ઉજવાયેલો ઉત્સવ ખરેખર સાર્થક બનશે.

સ્વામી માધવપ્રિયદાસના જય શ્રી સ્વામિનારાયણ...



ન ભૂતો ન ભવિષ્યતિ

ગુરુકુલના ઇતિહાસમાં છેલ્લા ૫૦ વર્ષથી ગુરુદેવ શાસ્ત્રીજી મહારાજ સાથે સાધુ તરીકે જોડાયા પછી આવો અભૂતપૂર્વ મહાવિષ્ણુયાગ દર્શન-સત્સંગ સાથે અનુભવ્યો નથી.

પુરાણી સ્વામી જેવા સંતનાં હૃદયનો ભાવપૂર્ણ સંકલ્પ નિર્મળ રીતે, નિર્વિઘ્નપણે સંપન્ન થયો એ કેવળ શ્રીજી મહારાજની અનન્ય કૃપાનું જ પરિણામ છે.

હજારો લોકોએ આ મહાયજ્ઞને માણ્યો છે, સક્રિય રીતે જોડાયા છે, એમને જીવનનાં સંભારણાં રૂપે આ દર્શન-સત્સંગ કદાપિ ભૂલાશે નહીં.

મારી સમજ પ્રમાણે આ ૧૧૧૧ કુંડી મહાવિષ્ણુયાગથી વિશ્વશાંતિ સાથે સર્વજીવનું કલ્યાણ થશે જ...

પુરાણી બાલકૃષ્ણદાસના હેતપૂર્વક જય શ્રી સ્વામિનારાયણ...

મહોત્સવની પૂર્વ તૈયારી

પરમ પૂજ્ય પુરાણી શ્રી ભક્તિપ્રકાશદાસજી સ્વામીનો દૃઢ સંકલ્પ, ગુરુવર્ય શાસ્ત્રી શ્રી માધવપ્રિયદાસજી સ્વામી તથા પરમ પૂજ્ય સદ્‌ગુરુ પુરાણી શ્રી બાલકૃષ્ણદાસજી સ્વામીના માર્ગદર્શન સાથે ભગવાન શ્રી સ્વામિનારાયણને પ્રસન્ન કરવા સંતો તથા હરિભક્તો દેહની પરવાહ કર્યા વગર હરખતા હૈયે રાત્રિ-દિવસ યજ્ઞશાળાના નિર્માણની સેવામાં જોડાયા. અમદાવાદ, રાજકોટ, સુરત તથા વિવિધ ગામડાના પાંચસો જેટલા બહેનો-ભાઈઓ, વિદ્યાર્થીઓના આઠ મહિનાના અથાક દાખડાએ યજ્ઞશાળાનું અદ્‌ભૂત નિર્માણ કર્યું. યજ્ઞશાળાના નિર્માણમાં ૯૦૦ ટન કાળી માટી, ૯૦૦ ટન પીળી માટી, ૯૦૦ ટન રેતી, ૫૦,૦૦૦ ઈંટો, ૨૫ ટ્રેક્ટર ગાયનું છાણ, ઉપરાંત અન્ય ઘણી સામગ્રીનો ઉપયોગ થયો. છેલ્લા પંદર દિવસ ૨૦૦ જેટલા ભાઈઓ-બહેનોએ યજ્ઞશાળામાં રંગોળીઓ પૂરી શણગાર સજ્યા અને ઈતિહાસના પાને ક્યારેય ન નોંધાઈ હોય એવી અદ્‌ભૂત અને અનોખી યજ્ઞશાળાનું નિર્માણ થયું. આ ઉપરાંત ભોજનાલય, સભામંડપ જેવા અન્ય વિભાગોમાં પણ સંતો-ભક્તોની સેવાથી 'ન ભૂતો ન ભવિષ્યતિ' સર્વજીવહિતાવહ ૧૧૧૧ કુંડી મહાવિષ્ણુયાગ સંપન્ન થયો.

મહોત્સવની પૂર્વ તૈયારી

દેહશુદ્ધિ (પ્રાયશ્ચિત વિધિ)

વૈદિક પરંપરાનુસાર યજ્ઞારંભ પૂર્વે દેહશુદ્ધિ કર્યા બાદ હોમ કરવાની યોગ્યતા પ્રાપ્ત થાય છે. ત્યારે મહોત્સની પૂર્વ સંધ્યાએ SGVP ના વિશાળ ક્રિકેટ ગ્રાઉન્ડમાં વિશાળ સંખ્યામાં યજ્ઞમાં બેસનારા ભક્તજનો ઉપસ્થિત રહ્યા હતા. આચાર્યોએ તેમને દેહશુદ્ધિ કરાવી હતી. દેહશુદ્ધિ પ્રસંગે દેહમાં જાણે દિવ્યતાનો સંસાર થઈ રહ્યો હતો.

અરણીમંથન તથા જ્યોત યાત્રા

તારીખ ૨૩ ડિસેમ્બર, ૨૦૧૫ના રોજ વહેલી સવારે સંતો-ભક્તોની વિશાળ મેદની વચ્ચે શ્રીમહાવિષ્ણુયાગના મંગલ પ્રારંભે 'અરણીમંથન' વિધિ દ્વારા અગ્નિનારાયણનું પ્રાગટ્ય કરવામાં આવ્યું. એ અગ્નિનારાયણની જ્યોતયાત્રાની સાથે સાથે વડતાલ, અમદાવાદ, ભૂજ, ગઢપુર, જૂનાગઢ, ધોલેરાના દેવોની આરતીની જ્યોત લઈને યુવાનો જોડાયા અને ધામધૂમથી જ્યોતયાત્રા યજ્ઞશાળા પહોંચી.



યજ્ઞશાળા ઉદ્‌ઘાટન

હજારો નયનો જેની હોંશે હોંશે રાહ જોઈ રહ્યા હતા, એ અવસર આવી પહોંચ્યો. સંતો જ્યોતયાત્રા સાથે યજ્ઞશાળા પહોંચ્યા. ભગવાનનો જય જયકાર, વેદમંત્રોનો ઉદ્‌ઘોષ, પૂષ્પવર્ષાની સાથે પરમ પૂજ્ય પુરાણી સ્વામી, પૂજ્ય સ્વામીજી તથા ધામધામથી પધારેલા સંતો અને મહાનુભાવોના હસ્તે યજ્ઞશાળાનું ઉદ્‌ઘાટન થયું. બ્રહ્મદેવોએ દ્વારપૂજા કરાવી, દ્વાર ખૂલ્લા મૂકાયાં અને સંતો તથા યજમાનશ્રીઓએ યજ્ઞશાળામાં પ્રવેશ કર્યો.

ભવ્ય અને દિવ્ય યજ્ઞશાળા

૧૧૧૧ કુંડોનું નિર્માણ કમળાકાર (શ્રીધર) અને ચતુષ્કોણ કુંડોમાં કરવામાં આવ્યું હતું. સંપૂર્ણ યજ્ઞશાળાને ૪ દ્વાર તથા ૨૯ ખંડોમાં વહેંચવામાં આવી હતી. પંચદિવસીય શ્રી મહાવિષ્ણુયાગમાં સંતો તથા ધર્માચાર્યોની સાથે ૪૭૫૬ યજમાનશ્રીઓએ ભાગ લીધો. જેમાં મહોત્સવ નિમિત્તે સવિશેષ ભજન-અનુષ્ઠાન કરનારા ભક્તજનો, ૧૨૦ ગામના મંદિરોના પૂજારી ભક્તો, ગામડાના નાના નાના ભક્તો તથા યજમાનોએ નિર્મળ હૃદયથી ગદ્‌ગદ્‌ કંઠે આહુતિઓ અર્પણ કરી ભગવાન શ્રીહરિ અને સંતોની અવિરત કૃપાનો અનુભવ કર્યો. યજ્ઞશાળાની સંપૂર્ણ વ્યવસ્થામાં સંતોની સાથે ૧૦ વડિલ હરિભક્તો, ૩૦ આચાર્યો, ૩૦૦ ઋષિકુમારો તથા ૪૩૦ સ્વયંસેવકોએ સેવાનો લાભ લીધો. પંચદિનાત્મક આ યજ્ઞમાં જનમંગલ, સર્વમંગલ, વિષ્ણુસહસ્રનામ, પુરુષસૂક્ત, શ્રીસૂક્ત, ગણપતિસૂક્ત, ગ્રહદેવતા એમ મળીને કુલ પાંચ કરોડ આહુતિઓ અપાઈ.









સ્વયં શ્રીહરિ જાણે આહુતિઓ સ્વીકારતા હોય એવા કેટલાયે અનુભવો સાથે પાંચ દિવસ આહુતિઓ અપાઈ. પાંચમા દિવસે સંતો અને ભક્તોએ હર્ષાશ્રુ સાથે જ્યારે પૂર્ણાહુતિ કરી, ત્યારે વાતાવરણ દિવ્ય બની ગયું. આટલો વિશાળ યજ્ઞ નિર્વિઘ્ન પૂર્ણ થયો, ત્યારે સહુને સાક્ષાત્ શ્રીહરિની ઉપસ્થિતિનો અહેસાસ થયો.

સૂર્યાર્ઘ્ય વિધિ

[illegible] એવા ભગવાન સૂર્યનારાયણનું પૂજન કરવાના આશયથી વિશ્વ અંતર્ગત સૂર્યાર્ઘ્ય વિધિ પ્રાતઃકાલે સંતો, મહાનુભાવો અને હજારો ભક્તજનોની ઉપસ્થિતિમાં યજ્ઞશાળાના પૂર્વ દ્વારે જ્યારે સૂર્યાર્ઘ્ય વિધિ થતી, ત્યારે વાતાવરણમાં દિવ્યતા પ્રસરી જતી. એ સમયે સૂર્યનારાયણનો નૂતન અને કોમળ કિરણો જાણે ઉપસ્થિત ભક્તજનો ઉપર અમીવર્ષા વરસાવતા હોય, એવો ભાસ થતો. સૂર્યાર્ઘ્ય બાદ નિત્ય યજ્ઞશાળાના ચારે દ્વારોનું સદ્‌ગુરુ સંતોના હસ્તે પૂજન થતું અને યજમાનો સદ્‌ગુરુઓની આજ્ઞા લઈને યજ્ઞશાળામાં પ્રવેશ કરતા.





વિશ્વશાંતિ સત્સંગ સત્ર ઉદ્‌ઘાટન

સર્વજીવહિતાવહ ૧૧૧૧ કુંડી શ્રી મહાવિષ્ણુયાગ મહોત્સવ દરમિયાન રોજ સવારે યજ્ઞ તથા બપોર પછીના સમયે વિશ્વશાંતિ સંત્સંગ સત્રનું આયોજન કરવામાં આવ્યું હતું. તારીખ ૨૩ ડિસેમ્બરના રોજ સાંજે ૪:૦૦ કલાકે સહજાનંદમ્ સંતનિવાસથી ભવ્ય શોભાયાત્રાનો પ્રારંભ થયો. સદ્‌ગુરુ સંતો, ધર્માચાર્યો, ધામધામથી પધારેલા સંપ્રદાયના સંતો તથા હજારો ભક્તજનો ઉમંગ અને થનગનાટ સાથે શોભાયાત્રામાં જોડાયા. ગજરાજ ઉપર બિરાજમાન ભગવાન શ્રીહરિ, બગીઓ તથા વિવિધ ફ્લોટ્સમાં બિરાજમાન સંતો અને નાચતા-ગાતા ભાઈઓ-બહેનો સભામંડપ પહોચ્યાં.

વિદ્યાર્થીઓએ સંતો-મહાનુભાવોનું નૃત્ય દ્વારા સ્વાગત કર્યું. ગીત-સંગીત અને વેદમંત્રોના ગગનભેદી નાદ સાથે દસે દિશાઓ ગુંજી ઊઠી. સંતોના હસ્તે દિપ-પ્રાગટ્ય થયું, ત્રિરંગા ફુગ્ગાઓ છોડાયા અને વિશ્વશાંતિ સત્સંગસત્રનું ઉદ્‌ઘાટન થયું. આ ઉદ્‌ઘાટન સત્રમાં સંપ્રદાયના સંતોની સાથે હિન્દુ ધર્મ આચાર્ય સભાના મહાન સંતો ઉપસ્થિત રહ્યા.

ગ્રંથ વિમોચન સમારોહ

તારીખ ૨૪ ડિસેમ્બર, ૨૦૧૫. વિશ્વશાંતિ સંત્સંગ-સત્રનો આજનો દિવસ મહત્ત્વનો રહ્યો. આજના સત્રમાં સુપ્રસિદ્ધ ભાગવત કથાકાર રમેશભાઈ ઓઝા, યોગાચાર્ય બાબા રામદેવજી મહારાજ, પરમ પૂજ્ય પરમાત્માનંદજી મહારાજ, ગુજરાતના રાજ્યપાલ માનનીય શ્રી ઓ.પી. કોહલીજી, સુપ્રસિદ્ધ સાહિત્યકાર અને જ્ઞાનપીઠ એવોર્ડ વિજેતા શ્રી રઘુવિરભાઈ ચૌધરી, સુપ્રસિદ્ધ લેખક શ્રી કુમારપાળ દેસાઈ, ગુરુકુલના ટ્રસ્ટી શ્રી નવીનભાઈ દવે, વિજયભાઈ ધડુક વગેરે સંતો-મહાનુભાવોની ઉપસ્થિતિ હતી. આજરોજ આ તમામ ઉપસ્થિત સંતો-મહાનુભાવોના હસ્તે પરમ પૂજ્ય ગુરુવર્ય શાસ્ત્રી શ્રી માધવપ્રિયદાસજી સ્વામી દ્વારા લિખિત **'ભગવાન શ્રી સ્વામિનારાયણ ચરિત ગાથા'** ગ્રંથનું વિમોચન થયું.

આ ગ્રંથમાં પૂજ્ય સ્વામીજીએ વિદ્વત્તાસભર છતાં સરળ શૈલીથી ભગવાન શ્રી સ્વામિનારાયણનું જીવન તત્ત્વતઃ નિરુપણ કર્યું છે. ન કેવળ સ્વામિનારાયણ સંપ્રદાય, પરંતુ પૂરાએ સમાજને ભગવાન શ્રી સ્વામિનારાયણનાં જીવન વિશે સાચો પરિચય મળી રહે એ રીતે આ વિશાળ ગ્રંથનું લેખન કરવામાં આવ્યું છે. બે ભાગમાં વહેંચાયેલા આ ગ્રંથનું પ્રકાશન ઈમેજ પબ્લિકેશન દ્વારા કરવામાં આવ્યું છે.



આ ઉપરાંત SGVP પ્રકાશન દ્વારા સંપ્રદાયના મહાન સંતોના હસ્તે ભજગોવિંદમ્ ભાગ-૪, ભક્તચરિતમ્ ભાગ-૧, સત્સંગની શુભવાર્તા, ભક્તચિંતામણિ વગેરે ગ્રંથોનું પ્રકાશન કરવામાં આવ્યું હતું.



ભક્તચિંતામણિ

સંપ્રદાયમાં સૌપ્રથમવાર અઘરા શબ્દોના સરળ અર્થ, ઋષિઓનો પરિચય, ટૂકા ચરિત્રોની સમજૂતી અને રેખાચિત્રો સાથે આ ગ્રંથ તૈયાર કરવામાં આવ્યો છે.



ભજગોવિંદમ્ ૪ - ભાગમાં

પરમ પૂજ્ય પુરાણી શ્રી હરિસ્વરુપદાસજી સ્વામીની પ્રવચનમાળા ભજગોવિંદમ્ આધારિત ગ્રંથ



ભક્ત ચરિતમ્ ૧-ભાગમાં

ભગવાન શ્રી સ્વામિનારાયણના ૨૫ એકાંતિક ભક્તોનું જીવન કવન. સંપ્રદાયના ગ્રંથોના આધારે પ્રસંગોને સંકલિત કરી વિસ્તૃત અને સરળ ભાષામાં ભક્તોના જીવન લખવામાં આવ્યા છે.

સત્સંગની શુભ વાર્તા

પરમ પૂજ્ય સદ્‌ગુરુ પુરાણી શ્રી પ્રેમપ્રકાશદાસજી સ્વામી તથા પ.ભ. હરદાસભાઈ સાવલીયા દ્વારા લીખીત ૧૩૬ સત્સંગની શુભવાર્તાઓનો સંગ્રહ

ગુરુકુલ પરિવાર મંચ

તારીખ ૨૭ ડિસેમ્બરની સાંજનું મહોત્સવનું છેલ્લું સેશન 'ગુરુકુલ પરિવાર મંચ' તરીકે ઉજવાયું હતું. પરમ પૂજ્ય ગુરુદેવ શાસ્ત્રીજી મહારાજ શ્રી ધર્મજીવનદાસજી સ્વામી તથા વાત્સલ્યમૂર્તિ પરમ પૂજ્ય સદ્‌ગુરુ પુરાણી શ્રી પ્રેમપ્રકાશદાસજી સ્વામી તથા અખંડ ભગવદ્ પરાયણ પરમ પૂજ્ય જોગી સ્વામી શ્રી હરિપ્રકાશદાસજી સ્વામીના શ્રીચરણોમાં વંદનાની સાથે ગુરુકુલ પરિવાર મંચનો પ્રારંભ થયો. સ્નેહમિલનનાં સ્વરૂપમાં એકત્રિત થયેલા સર્વ પરિવારજનોની ઉપસ્થિતિમાં ગુરુકુલ પરિવારના છત્રસમાન પૂજ્ય સદ્‌ગુરુ પુરાણી શ્રી ભક્તિપ્રકાશદાસજી સ્વામીનું સહુ સંતો, યજમાનો તથા મહાનુભાવોએ પૂજન કરી ધન્યતાની લાગણી અનુભવી.આ પ્રસંગે પરમ પૂજ્ય મુનિજી મહારાજ (ઋષિકેશ)ના આશીર્વાદ ગુરુકુલ પરિવાર માટે માર્ગદર્શક રહ્યા.

આ પવિત્ર અવસરે રાત્રિ-દિવસ સેવા કરનારા સ્વયંસેવકોને સદ્‌ગુરુ સંતોએ રૂડા આશીર્વાદ પાઠવ્યા. પરમ પૂજ્ય ગુરુવર્ય શાસ્ત્રી શ્રી માધવપ્રિયદાસજી સ્વામીએ સ્વચ્છતા અંગે જાગૃતિ આવે એ અંગે પ્રેરણાત્મક વાતો કરી સૌ સંતો-ભક્તોને અદ્‌ભૂત, અલૌકિક અને દિવ્ય અમૃતનું પાન કરાવતા થકા ગીત-સંગીત-નૃત્યના સથવારે આનંદ કરાવ્યો. આમ મહોત્સવની પૂર્ણાહુતિ ઉપસ્થિત પરિવારજનો માટે સદાય યાદગાર બની રહી.



સર્વજીવહિતાર્થ





રાજ દ્વારેથી...

ઉપસ્થિત રહી વસદર્શન, પૂજન, સત્સંગનો લાભ લીધો. ગુજરાતના માનનીય મુખ્યમંત્રી શ્રી આનંદીબેન પટેલ, પૂર્વ મુખ્યમંત્રી શ્રી કેશુભાઈ પટેલ, પુરુષોત્તમભાઈ રૂપાલા (રાષ્ટ્રિય ઉપાધ્યક્ષ), શિક્ષણમંત્રી શ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા, પ્રદેશ મહામંત્રી શ્રી ભીખુભાઈ દલસાણીયા, ગૃહમંત્રી શ્રી પ્રદિપસિંહ જાડેજા, સાંસદશ્રી આદરણીય સત્યપાલજી (ઉત્તર પ્રદેશ), શક્તિસિંહ ગોહિલ (કોંગ્રેસ અગ્રણી), અમદાવાદના મેયર શ્રી ગૌતમભાઈ શાહ, ઔડાના ચેરમેન શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ વગેરે અનેક મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.





શહીદ જવાનોના પરિવારને વિદ્યા સહાય

SGVP દ્વારા ધાર્મિક, સામાજિક, શૈક્ષણિક ક્ષેત્રે અનેક સેવાના પ્રકલ્પો હાથ ધરાયા છે. જેમાં ભારતની સરહદોની રક્ષા કરતા શહીદ થયેલા જવાનોના દીકરા-દીકરીઓને વિદ્યાસહાય આપવામાં આવે છે. આ સહાય જ્યાં સુધી અભ્યાસ પૂર્ણ ન થાય, ત્યાં સુધી એમને મળતી રહે છે. આ સેવાને આગળ વધારતા અગિયાર દીકરાઓને ગુજરાતના ગવર્નર માનનીય શ્રી ઓ.પી. કોહલીજીના હસ્તે તથા અગિયાર દીકરીઓને મુખ્યમંત્રી શ્રી આનંદીબેન પટેલના હસ્તે આ મહોત્સવ દરમિયાન વિદ્યાસહાય અર્પણ કરવામાં આવી હતી.

ઓડીયો-વિડીયો સી.ડી. પ્રકાશન

SGVP દ્વારા સદ્‌ગુરુ સંતોની કથા તથા કીર્તનોની અનેક ઓડીયો-વિડીયો સી.ડી., ડી.વી.ડી પ્રકાશિત થઈ છે. જેમાં નૂતન સોપાન ઉમેરાતા ભગવાન શ્રી સ્વામિનારાયણ દ્વારા લખાયેલ શિક્ષાપત્રીનું પ્રસિદ્ધ હાસ્યકાર જગદીશ ત્રિવેદીએ દોહાઓમાં રૂપાંતરણ કર્યું અને એ દોહાઓને સુપ્રસિદ્ધ ગાયક મનહર ઉધાસનો કંઠ મળ્યો. અદ્‌ભૂત સંગીત સાથે તૈયાર થયેલ 'શિક્ષાપત્રી દોહાવલી' ઓડીયો સીડીનું સંતોના હસ્તે વિમોચન થયું. ઉપરાંત જાણીતા કથાકાર હેમાંગભાઈ શાસ્ત્રીની વિદ્વત્તાસભર શૈલીમાં થયેલી મૂળ ભાગવતની કથાની ડી.વી.ડીનું પણ મહોત્સવ દરમિયાન વિમોચન કરવામાં આવ્યું હતું.

યજમાનશ્રીઓને આશીર્વાદ

'સર્વજીવહિતાવહ ૧૧૧૧ કુંડી શ્રી મહાવિષ્ણુયાગ' મહોત્સવ પ્રસંગે ગુરુકુલ પરિવાર સાથે જોડાયેલા અનેક ભાવિક ભક્તજનોએ કોઈપણ અપેક્ષા

વિના પોતાનું યોગદાન અર્પણ કરીને યજમાનશ્રી તરીકે લાભ લીધો હતો. એ યશસ્વી યજમાનશ્રીઓને મહોત્સવના મંચ ઉપર સદ્‌ગુરુ સંતોના વરદ હસ્તે આશીર્વાદ આપવામાં આવ્યા હતા.

બ્રહ્મનિષ્ઠ સંતોનું સાનિધ્ય

મહોત્સવ દરમિયાન વડતાલ પીઠાધીપતિ પરમ પૂજ્ય ધર્મધુરંધર ૧૦૦૮ આચાર્ય મહારાજ શ્રી રાકેશપ્રસાદજી મહારાજ, ભગવાન શ્રી સ્વામિનારાયણના દિવ્ય સંદેશાઓનો પ્રસાર-પ્રચાર કરનારા સંપ્રદાયના અનેક સંતો, હિન્દુ ધર્મ આચાર્ય સભા તથા સનાતન ધર્મના સંતોએ પધારી કથાવાર્તા-દર્શનનો લાભ આપ્યો.

પરમ પૂજ્ય ધર્મધુરંધર ૧૦૦૮ આચાર્ય મહારાજ શ્રી રાકેશપ્રસાદજી મહારાજ

(વિડિયો દ્વારા આપેલ પ્રવચન)

ભગવાન શ્રી સ્વામિનારાયણે જીવ-પ્રાણીનાં કલ્યાણ માટે આ સંપ્રદાયની સ્થાપના કરી અને સૌપ્રથમ યજ્ઞ-પરાંપરાને શરૂ કરી હતી. યજ્ઞ-પરંપરા વૈદિક છે. આવી પરંપરાને લીધે જ આજે ભારતીય સંસ્કૃતિ ટકી રહી છે. જ્યારે કામનાઓ રહિત, સાત્વિક ભાવે અને લાકકલ્યાણના હેતુથી આવા યજ્ઞો થાય ત્યારે સ્વયં યજ્ઞનારાયણ આહુતિઓ સ્વીકારે છે. શાસ્ત્રીજી મહારાજ શ્રી ધર્મજીવનદાસજી સ્વામીએ સમયની માંગને પારખી ગુરુકુલ પરંપરાને શરૂ કરી તે ખરી રીતે સંપ્રદાય અને સમાજની સાચી સેવા છે. આજે ગુરુકુલ દ્વારા ૧૧૧૧ કુંડી શ્રી મહાવિષ્ણુયાગ થઈ રહ્યો છે, ત્યારે અમે શ્રીહરિનાં ચરણોમાં પ્રાર્થના કરીએ છીએ કે ગુરુકુલના સંતોને ભગવાન આવાં અનેક કાર્યો કરવાની શક્તિ પૂરી પાડતા રહે. આજના દિવસે હું પુરાણી ભક્તિપ્રકાશદાસજી સ્વામીને ખૂબ ખૂબ અભિનંદન પાઠવું છું કે સ્વામીએ આટલો મોટો યજ્ઞ કરવાનો સંકલ્પ કર્યો. શાસ્ત્રી શ્રી માધવપ્રિયદાસજી સ્વામી તો સંપ્રદાય અને હિન્દુ ધર્મનું આભૂષણ છે. પુરાણી શ્રી બાલકૃષ્ણદાસજીએ સંપ્રદાય અને સમાજની ખૂબ મોટી સેવા કરી છે. ભગવાન શ્રીહરિ આ તમામ સંતોને નિરામય દીર્ઘાયુષ્ય અર્પે અને નવાં નવાં કાર્યો કરવાની શક્તિ આપતા રહે એવી અમે શ્રી હરિકૃષ્ણ મહારાજનાં ચરણોમાં પ્રાર્થના કરીએ છીએ. આ યજ્ઞમાં જે યજમાનોએ લાભ લીધો છે તથા સંવયંસેવકોએ સેવાનો લાભ લીધો છે, એ તમામને શ્રીહરિ સત્સંગનું ખરું બળ આપે એવી પ્રાર્થના સાથે.... જય શ્રી સ્વામિનારાયણ.

પૂજ્ય સદ્‌ગુરુ શ્રી જ્ઞાનજીવનદાસજી સ્વામી - કુંડળ

પરમ પૂજ્ય પુરાણી શ્રી ભક્તિપ્રકાશદાસજી સ્વામીના નિર્મળ હૃદયમાંથી પ્રગટેલા એક સંકલ્પે આજે આટલા મોટા યજ્ઞનું સ્વરૂપ ધારણ કર્યું છે. આ આયોજન અમને ખૂબ ગમ્યું છે. જો બધી સંસ્થાઓ આવા રૂડાં સર્વ જીવોનું હિત થાય તેવાં આયોજનો કરે, તો આ દુનિયામાંથી અશાંતિ નાશ પામે. ભગવાન શ્રી સ્વામિનારાયણના ચરણોમાં કોટિ કોટિ વંદન કરીએ કે એમણે આપણને આવા મહાન સંતોની ભેટ આપી છે. જેમણે બધું જ ત્યાગીને આપણને સુખ આપ્યું છે, આપણને લાડ લડાવ્યા છે. ભગવાન શ્રીહરિ જે હેતુને સિદ્ધ કરવા આ દુનિયામાં આવ્યા હતા, એ હેતુને બર લાવવા આ સંતો ખૂબ મહેનત કરે છે. ગુરુદેવ શાસ્ત્રીજી મહારાજ, પૂજ્ય પુરાણી પ્રેમપ્રકાશદાસજી સ્વામી અને પૂજ્ય જોગી સ્વામી આજે એમના સાધુઓ ઉપર આશીર્વાદ વરસાવતા હશે, કારણ કે એમના સાધુઓએ ખૂબ સુંદર આયોજન કર્યું છે. આજે હું અક્ષરમૂર્તિ ગુણાતીતાનંદ સ્વામી, બાલમુકુંદ સ્વામી, પુરાણી ગોપીનાથદાસજી સ્વામી, શાસ્ત્રીજી મહારાજ તથા આ સર્વ ગુણાતીત પરંપરાને વંદન કરું છું. ભગવાન શ્રી સ્વામિનારાયણ, એમના સંતો અને ગુણાતીત પરંપરાની SGVP કેમ્પસ ઉપર નજર છે, ખૂબ મોટી આશા છે. અહીં નિર્માણ પામેલી યજ્ઞશાળાને જોઈએ તો નારાયણ મામાનાં વચનો સિદ્ધ થતાં જણાય છે. ભગવાનને પ્રાર્થના કરીએ કે આ સંતો આપણને આવું સુખ લાંબો સમય સુધી આપ્યા રાખે.

પૂજ્ય સદ્‌ગુરુ શ્રી નીલકંઠચરણદાસજી સ્વામી - કલાકુંજ, સુરત

સંતો ઘણી પ્રવૃત્તિઓ કરતા હોય છે, પણ એ સર્વેનો ધ્યેય જીવોને ભગવાનમાં જોડવાનો હોય છે. પૂજ્ય શાસ્ત્રીજી મહારાજે ખૂબ યજ્ઞો કર્યા છે અને ત્યાર બાદ ન કેવળ સ્વામિનારાયણ સંપ્રદાય, પણ પૂરાએ ગુજરાતમાં ક્યારેય ન થયો હોય એવો અદ્‌ભૂત યજ્ઞ આજ ગુરુકુલ પરિવાર દ્વારા થયો છે. ભગવાનનો સંદેશો લઈને આ સંતો વેદથી વેબસાઈટ સુધી અને ગામડાંથી અમેરિકા સુધી પહોંચ્યા છે, એ કેવળ અનંત જીવોના કલ્યાણ અને વિશ્વશાંતિ માટે જ છે.

પૂજ્ય સદ્‌ગુરુ શાસ્ત્રી શ્રી ઘનશ્યામપ્રકાશદાસજી સ્વામી - મુખ્ય કોઠારીશ્રી, વડતાલ

આ ગુરુકુલ-ગંગોત્રીનું ગૌમુખ જો કોઈ હોય તો એ શાસ્ત્રીજી મહારાજ શ્રી ધર્મજીવનદાસજી સ્વામી છે. આ ગુરુકુલ-ગંગા દ્વારા હજારો જીવોના કલ્યાણ થયાં છે અને થતાં રહેશે. પૂજ્ય શાસ્ત્રીજી મહારાજને મહારાજે જો આ સંપ્રદાયમાં ન મોકલ્યા હોત, તો સંપ્રદાયમાં ઘણું અધૂરું રહી જાત. આ યજ્ઞના દર્શન કરીને આપણને શ્રીજી મહારાજે કરેલા ડભાણના યજ્ઞની ઝાંખી થાય છે. શ્રીજી મહારાજે યજ્ઞ-પરંપરા ચલાવી, ત્યાર બાદ એ પરંપરાને શાસ્ત્રીજી મહારાજે જાળવી અને આજે આ છારોડીને આંગણે એ પરંપરા જળવાઈ રહી છે. હું ગૌરવ સાથે કહું છું કે વડતાલ દેશ ગુરુકુલ પરિવાર વિના અધૂરો છે. ગુરુકુલ પરિવાર વડતાલ દેશની સાચી મૂડી છે.

પૂજ્ય સદ્‌ગુરુ શાસ્ત્રી શ્રી જ્ઞાનપ્રકાશદાસજી સ્વામી - ગાંધીનગર

ગુરુદેવ શાસ્ત્રીજી મહારાજ ખૂબ મોટા સંત હતા. એ અમને મળતા ત્યારે એ કહેતા, 'હવે આ સંપ્રદાય તમને સોંપ્યો છે.' સ્વામીની એ વાત સાંભળીને ભારે સંકોચ થતો. શ્રીજી મહારાજે જેતલપુરમાં યજ્ઞ કર્યો, ત્યારે યજ્ઞનારાયણે દર્શન આપી શ્રીજી મહારાજની સ્તુતિ કરી હતી. એ જેવું વર્ણન છે, એ વર્ણન મેં અહીં પ્રત્યક્ષ જોયું છે. યજ્ઞનાં દર્શન કરી મને ખૂબ શાંતિ થઈ છે.

પૂજ્ય સદ્‌ગુરુ શાસ્ત્રી શ્રી નૌતમપ્રકાશદાસજી સ્વામી - પ્રમુખશ્રી, સત્સંગ મહાસભા

ભગવાન શ્રી સ્વામિનારાયણનાં ૪૯ વર્ષના પૃથ્વી ઉપરનાં વિચરણ દરમિયાન અનેક મહાન કાર્યો થયાં, તેમાં યજ્ઞ સૌથી મોટું વૈદિક કાર્ય હતું. જેતલપુર, ડભાણ, આખા-પીપલાણામાં મહારાજે ખૂબ મોટા યજ્ઞો કર્યા છે. એ યજ્ઞપરંપરાને શાસ્ત્રી શ્રી ધર્મજીવનદાસજી સ્વામીએ શરૂ રાખી અને આજે માધવપ્રિયસ્વામી એ પરંપરાને વહાવી રહ્યા છે, તે સંપ્રદાયનું ગૌરવ છે. સંપ્રદાયને ઘણા વિદ્વાનો મળ્યા છે, પરંતુ સમસ્ત ભારતના સંતો જેમને માન આપે છે એવા માધવપ્રિયસ્વામી સંપ્રદાયનું ખૂબ મોટું ગૌરવ છે.

પૂજ્ય સદ્‌ગુરુ શાસ્ત્રી શ્રી ભગવતચરણદાસજી સ્વામી - જામજોધપુર

જૂનાગઢની ગુણાતીતાનંદ સ્વામીની પરંપરાના અમે બધા સંતો છીએ. પુરાણી ગોપીનાથદાસજી સ્વામી ખૂબ મોટા વિદ્વાન સંત હતા અને બન્ને દેશમાં એમનું સ્થાન આગળ પડતું હતું. એ જ રીતે આજે શાસ્ત્રી શ્રી માધવપ્રિયદાસજી સ્વામી બન્ને દેશમાં સૌથી મોટા વિદ્વાન અને સાધુતાએ યુક્ત સંત છે. પૂજ્ય સ્વામીએ સંપ્રદાયમાં સૌપ્રથમ વાર ૧૧૧૧ કુંડી મહાવિષ્ણુયાગનું આયોજન કરીને સંપ્રદાયનું ગૌરવ વધાર્યું છે.

પૂજ્ય સદ્‌ગુરુ પુરાણી શ્રી મોહનપ્રસાદદાસજી સ્વામી - પીપલાણા

ગુરુદેવ શાસ્ત્રીજી મહારાજનું જીવન ધર્મમય હતું. ધર્મ એમને ખૂબ વ્હાલો હતો. એમની સાથે રહી અમને ખૂબ શીખવાનું મળ્યું છે. આજે પૂજ્ય માધવપ્રિય સ્વામી વગેરે સંતો સાથે પણ અમારે ખૂબ નાતો છે. ભગવાન શ્રીહરિનાં ચરણોમાં પ્રાર્થના કરીએ કે ગુરુકુલ પરિવાર દ્વારા આવાં મહાન કાર્યો સતત થતાં રહે.

પૂજ્ય સદ્‌ગુરુ શ્રી રામકૃષ્ણદાસજી સ્વામી - ધ્રાંગધ્રા

લોકો મહેનત કરીને મંગળ કે ચંદ્ર સુધી પહોંચતા હોય છે, પણ જ્યાં સુધી સંપ્રદાયના ગૌરવ સમાન સંત પૂજ્ય માધવપ્રિય સ્વામી જેવા નિર્મળ હૃદયના સંત સુધી ન પહોંચે, ત્યાં સુધી એમની સિદ્ધિ અધૂરી છે. આપણે ખૂબ ભાગ્યશાળી છીએ કે આપણને આવા ધબકતાં હૃદય મળ્યાં છે. શ્રીજી મહારાજ અને ગુરુદેવ શાસ્ત્રીજી મહારાજે છારોડી ગુરુકુલને પૂજ્ય પુરાણી સ્વામી, પૂજ્ય માધવપ્રિય સ્વામી, પૂજ્ય બાલકૃષ્ણ સ્વામી અને પૂજ્ય હરિસ્વરૂપ સ્વામી જેવા ચાર ધબકતાં હૃદય આપ્યાં છે. આપણે તો આવા સંતો સાથે જોડાઈ જવાનું છે.

પૂજ્ય શાસ્ત્રી શ્રી નારાયણચરણદાસજી સ્વામી - વ્રજભૂમિ

આજથી બસો વર્ષ પહેલા જેતલપુર, ડભાણ જેવાં અનેક નગરોમાં ભગવાન શ્રી સ્વામિનારાયણે વૈદિક-અહિંસામય યજ્ઞોનું પ્રવર્તન કર્યું હતું. ત્યાર બાદ સંપ્રદાયના ઈતિહાસમાં ગુરુદેવ શાસ્ત્રીજી મહારાજે જૂનાગઢમાં મહાયજ્ઞ કરેલો અને આજે એ જ પરંપરામાં પૂજ્ય પુરાણી સ્વામી તથા આ સંતો દ્વારા સમસ્ત વિશ્વનાં કલ્યાણ માટે, વિશ્વશાંતિ માટે આવો મોટો યજ્ઞ થઈ રહ્યો છે. પૂજ્ય માધવપ્રિય સ્વામી આજે ભગવાન શ્રી સ્વામિનારાયણના સર્વ સિદ્ધાંતોને વિશ્વ સમક્ષ મૂકી રહ્યા છે, એ આપણાં માટે ગૌરવની વાત છે.

પૂજ્ય સદ્‌ગુરુ
શ્રી ચૈતન્યદાસજી સ્વામી - લોજ

પૂજ્ય શ્રી મોહનપ્રસાદદાસજી સ્વામી
ધોરાજી

પૂજ્ય શ્રી આનંદસ્વરૂપદાસજી સ્વામી
વડિયા

પૂજ્ય શ્રી હરિકૃષ્ણદાસજી સ્વામી
સુરત

ધર્માચાર્યોની પધરામણી



પરમ પૂજ્ય મહામંડલેશ્વર શ્રી અવધેશાનંદજી મહારાજ (જૂના અખાડા પીઠાધીશ્વર) હરિદ્વાર

યજ્ઞ યાનિ વિષ્ણુ। જહાँ યજ્ઞ કા પ્રારંભ હોતા હૈ, વહાँ વિષ્ણુ પ્રગટ હોતે હૈ। યજ્ઞ યાનિ સર્વત્ર વ્યાપ્ત વિષ્ણુ। વિષ્ણુ કા જડ-ચેતન, દેવ-દાનવ, ઇન્દ્ર-બ્રહ્માદિક સર્વત્ર વાસ હૈ। જબ બલિ મહારાજ ને યજ્ઞ કિયા, તબ સ્વયં વિષ્ણુ ભિક્ષુક બનકે બિના આમંત્રણ પ્રગટ હુએ થે। વૈસે હી જહાँ યજ્ઞ કા પ્રારંભ હોતા હૈ વહાં વિષ્ણુ પ્રગટ હોતે હૈ। યજ્ઞ શબ્દ યજ્ ધાતુ સે બના હૈ। યજ્ઞ યાનિ દાન દેના, દેવપૂજા કરના ઔર સત્સંગ કરના। યજ્ઞ કા ભાવ હૈ પરોપકાર ઔર પૂન્ય। યજ્ઞ અપને લિએ કમ ઔર દૂસરોં કે લિયે જ્યાદા હોતા હૈ। આજ મુઝે આનંદ હૈ કિ સ્વામી માધવપ્રિયદાસજી ને સહી સમય પર ૧૧૧૧ કુંડી યજ્ઞ કિયા હૈ। ક્યોંકિ આજ વિશ્વ મેં અનીતિ, ભય, દમન, અત્યાચાર, શોષણ કી મારામારી હૈ। ઇસ યજ્ઞ સે સમાજ મેં સાત્ત્વિક ઉર્જા કી જડેં મજબૂત હોગી।

સ્વામી માધવપ્રિયદાસજી કો મેં વર્ષો સે જાનતા હૂँ। મેં જિતના નિકટ જાતા હૂँ ઇતને હી વે બડે દિખાઈ દેતે હૈ। ઉનકા સામર્થ્ય, વિદ્વત્તા, વિનય, યોગ્યતા, પ્રતિભા, તપસ્યા, અધ્યયન, અનુભવ, ઉનકી સમ્ભાવના, ઉનકી સોચ, સંકલ્પના, ઉનકે સપને.... સચ મેં વે બહુત બડે હૈ। વો હમારે ભારત વર્ષ કે ગૌરવ હૈ। મૈં સંસાર મેં બહુત ઘૂમા હૂँ, લેકિન ઐસા વિદ્યા પરિસર કહીં નહીં દેખા। યહાँ સચ્ચી પ્રતિભાએ ઘડી જાતી હૈ, યહાँ સચ્ચી વૈજ્ઞાનિકતા કા દર્શન હોતા હૈ।

પરમ પૂજ્ય શ્રી નિર્મળાનંદજી મહારાજ (અધ્યક્ષ, આદિ ચુનચુનગીરી) કર્ણાટક



સ્વામી માધવપ્રિયદાસજી કે સાથ પહલી મુલાકાત આચાર્ય સભા મેં હુઈ થી। તબ સે ઉનકે સાથ હમેં બડા પ્યાર હૈ। પૂજ્ય સ્વામીજી કે માતૃત્વ જૈસે સ્નેહ કે કારણ હી મૈં આજ યહા આયા હૂँ। હમારે સમાજ મેં સંભાવનાઓં કી કમી દીખાઇ પડતી હૈ। ઉન સંભાવનાઓં કો જગાને કા કામ પૂજ્ય સ્વામીજી કર રહે હૈં। ગુરુકુલ પરિવાર કે સંસ્કાર દેખકર મુઝે બહુત આનંદ હુઆ હૈ। આઇન્સ્ટાઇન જૈસે વૈજ્ઞાનિક ભી મનુષ્ય કે હૃદય કો પહચાન નહીં પાયે હૈ, ઉન હૃદય મેં યહ સંતો જ્ઞાન કા સિંચન કર રહે હૈં। ભક્તિ ઔર ઉપાસના કા જીવન મેં મહત્ત્વ હૈ, લેકિન ઉનકે સાથ જ્ઞાન મિલ જાએ તો જીવન સુગંધિત હો જાતા હૈ। યહાँ ભક્તિ, ઉપાસના, વૈરાગ્ય ઔર જ્ઞાન સબ દિખાઈ દેતા હૈ, યહ દેખકર હમેં બહુત આનંદ હુઆ।

પરમ પૂજ્ય ભાઈ શ્રી રમેશભાઈ ઓઝા (સાંદીપની આશ્રમ) પોરબંદર

હિન્દુ શબ્દનો બીજો કોઈ પર્યાય શબ્દ મૂકવો હોય, તો હું યજ્ઞ શબ્દને મૂકું. યજ્ઞ આપણી સાધના છે અને પરમાત્મા સુધી પહોચવાનું સાધન છે. મંદિર, મસ્જિદ, ગિરજાઘર વગેરે પરમ સત્તાનું સ્મરણ કરાવનાર સાધનો છે. આપણી વિટંબણા એ છે કે જે ભૂલવું જોઈએ એ ભૂલતાં નથી અને જેને હમેશ યાદ રાખવા જોઈએ એ પરમાત્માને આપણે યાદ નથી રાખતા, માટે આ સાધનોની જરૂર પડે છે. જો સતત પરમાત્માને યાદ રાખી જીવીએ તો અર્જુનની જેમ આપણે પણ વિજયને મેળવતા રહીએ. યજ્ઞ આપણા અંતઃશત્રુઓનો પરાજય કરવાની પ્રેરણા આપે છે. યજ્ઞ પરમાર્થનું પ્રતીક છે. આપણે જ્યારે પરમાર્થના માર્ગે આગળ વધતા હોઈએ છીએ, ત્યારે વિશ્વચેતના પણ આપણી મદદે દોડી આવે છે ને સાથે સાથે અનેક લોકો પણ મદદે દોડી આવે છે. આજ પૂજ્ય પુરાણી સ્વામીજીની પ્રેરણાથી પૂજ્ય માધવપ્રિયસ્વામીએ ખરેખર પરમાર્થ માટે, વિશ્વશાંતિ માટે આ યજ્ઞ કર્યો છે. આવા યજ્ઞો આપણે પ્રત્યેક પળે કરતા રહીએ, યજ્ઞમાં સાત્ત્વિક કર્મોને હોમતા રહીએ, જીવનને નિર્ધૂમ બનાવીએ.

परम पूज्य योगाचार्य श्री रामदेवजी महाराज (पतंजली योगपीठ) हरिद्वार

मनुष्य इस धरती की सर्वश्रेष्ठ रचना है और यज्ञ परमात्मा तक पहुँचने का श्रेष्ठ रास्ता है। मनुष्य को सतत याद रहना चाहिए की मैं परमपुरुष परमात्मा का इस धरती पर भेजा हुआ प्रतिनिधि हूँ, ऋषि-ऋषिकाओं का प्रतिनिधि हूँ। लेकिन हम यह भूलते जा रहे हैं। हमारे जीवन में फिर से वह घडी आएँ इसलिए तो यह महापुरुषों इतना महान प्रयत्न कर रहे हैं।

समझ, विचार, भाव, कर्म और कर्मफल यह पाँच बाबत हमारे जीवन में अति महत्त्व रखती है। जैसी हमारी समझ होगी, वैसा हमें कर्मफल मिलेगा। यह महापुरुषों हमारी समझ, हमारा विचार, भाव और कर्म को बदल देते हैं और ऐसा चमत्कार ऐसे यज्ञ से होता है। हमारे परम प्रिय संत श्री माधवप्रिय स्वामी ने इस केम्पस में जो यज्ञ किया है, तब आज पूरा भारतवर्ष गौरवान्वित है। हमारे जीवन में रोज नया उत्साह पैदा हो ऐसा आज हम संकल्प करें। स्वस्थ शरीर, प्रकांड बुद्धि और अति पुरुषार्थ - इन तीन चीजें हमारे जीवन में यदि है, तो हमें सफलता अवश्य मिलेगी। इससे जो प्राप्त होगा, इससे पूरा भारत परम वैभवशाली बन जायेगा।

परम पूज्य महामंडलेश्वर विश्वेश्वरानंदजी महाराज (सन्यास आश्रम) मुंबइ



परमात्माની આ સૃષ્ટિમાં સંતનું સર્જન અદ્‌ભૂત છે. નારાયણથી લઈને આજ સુધી જે આચાર્યો ધરતી ઉપર આવ્યા છે, એમની પાસે નારાયણનું જ્ઞાન-ઉપદેશ રહ્યો છે. એ જ્ઞાનના આધારે જ અહીં ૧૧૧૧ કુંડી મહાવિષ્ણુયાગનું આયોજન થઈ રહ્યું છે. સમગ્ર સૃષ્ટિનો આધાર નારાયણ છે, માટે નારાયણની આરાધના કરવી જોઈએ. યજ્ઞ એ નારાયણની આરાધના છે. યજ્ઞ-આરાધના સાથે અહીં જ્ઞાન-આરાધના પણ થઈ રહી છે, તે ખૂબ આનંદની વાત છે. અનેક જન્મના પૂણ્ય ઉદય થાય, ત્યારે આપણને આવો સુયોગ પ્રાપ્ત થતો હોય છે. આ યજ્ઞ દ્વારા અનેક જીવોનું કલ્યાણ થશે અને વિશ્વમાં શાંતિની સ્થાપના થશે, એવી મને આશા છે.

પરમ પૂજ્ય પરમાત્માનંદજી મહારાજ, રાજકોટ

ભગવાને જ્ઞાનયજ્ઞને સાત્વિક યજ્ઞ કહ્યો છે. યજ્ઞમાં કાષ્ઠ, ઘી વગેરે સમિધની આહુતિ અપાય છે, જ્યારે જ્ઞાનયજ્ઞમાં અહંકારની આહુતિ અપાય છે. ખરેખર ભગવાન આપણી પાસેથી અહંકારની આહુતિની જ અપેક્ષા રાખે છે. એ જ્ઞાનયજ્ઞની પરંપરા માત્ર ભારતીય સંસ્કૃતિમાં જ જોવા મળે છે. અહીં અનેક મહાપુરુષોએ પોતાનું જીવન જ્ઞાનયજ્ઞને સમર્પણ કર્યું છે. વિશ્વમાં અનેક સંપ્રદાયો છે, ધર્મો છે, મહાપુરુષો છે, પૂજા કરાવનારા છે, પણ પોતાનું સમગ્ર જીવન જ્ઞાનયજ્ઞને સમર્પી દેનારા મહાપુરુષો ફક્ત ભારતમાં જ જોવા મળે છે, એ આપણી સંસ્કૃતિનું ગોરવ છે.

પરમ પૂજ્ય સ્વામી શ્રી ચિદાનંદ સરસ્વતીજી મહારાજ (મુનિજી) ઋષિકેશ

આજે યજ્ઞોની વાતો ચોપડીઓમાં વાંચીએ છીએ કે ફિલ્મોમાં, સિરીયલોમાં જોવા મળે છે. જ્યારે અહીં આજે ૧૧૧૧ કુંડી યજ્ઞ થઈ રહ્યો છે. યજ્ઞ કરવા અને કરાવવાવાળા ઘણા મળશે, પણ આ જેમનાં જીવન જ યજ્ઞ છે, એવા સંતોનાં સાનિધ્યમાં આ એક મહાયજ્ઞ છે. યજ્ઞ વિસર્જનથી સર્જનની યાત્રા છે. યજ્ઞ પોતાનો અંહકારના વિસર્જન કરવા માટે છે. જ્યારે અહંકારનું વિસર્જન થાય, ત્યારે કંઈક નવીનતમનું સર્જન થાય.

દેશને બચાવવા માટે આ સંતોનું જિવિત રહેવું આવશ્યક છે. એ એમના માટે નહીં, આપણાં માટે પરિશ્રમ કરી રહ્યા છે. યજ્ઞમાં એક જ ભાવના હોય છે, 'विष्णवे स्वाहा - विष्णवे इदं न मम्, अग्नये स्वाहा - अग्नये इदं न मम्' મારાં માટે નહીં તમારા માટે છે. જીવન જીવવાની ચાવી યજ્ઞથી મળે છે. લોકોથી મને કેટલી ખુશી મળે છે એ સ્વાર્થ અને મારાથી લોકોને કેટલી ખુશી મળે છે એવો વિચાર કરે એ યજ્ઞ છે. યજ્ઞનું સાક્ષાત દર્શન આ સંતોનાં જીવનમાં થાય છે. આ દેશના તપસ્વીઓ, સંતો પોતાના માટે નહીં, પણ આપણાં માટે જીવ્યાં. તે બેઠા હતા ગુફામાં, પહાડોમાં, કંદરાઓમાં, પણ તેમણે મંત્ર આપ્યો પૂરાએ સમાજ માટે "वसुधैव कुम्बकम्" આજે સારાએ વિશ્વમાં ગ્લોબલની વાતો ચાલે છે. આવા યજ્ઞોની સંસ્કૃતિને આપણાં જીવનમાં લાવીશું, તો આપોઆપ ગ્લોબલ બની જશે. આજે એ સમય આવી ગયો છે કે ઘરે ઘરે શૌચાલય હોય, ગામડાઓમાં, શહેરોમાં જઈને વૃક્ષોનું રોપણ કરીએ અને આપણી નદીઓ અને ગામોને પ્રદૂષણ મુક્ત કરીએ.

પરમ પૂજ્ય શ્રી દેવીપ્રસાદજી મહારાજ (આણદાબાવા આશ્રમ) - જામનગર

પાણી પાયાના પાંચ પૂન્ય, છાસ પાયાના દસ ગુણ અને અન્ન દીધાનાં અનંત ગુણ, પણ જો મન કોચવાય નહીં તો. પ્રસંગ ગમે તેવો કરીએ, પણ જો મન કોચવાય તો એની કોઈ કિંમત નથી. આ પ્રસંગમાં મને ત્રણ વસ્તુઓના દર્શન થયાં છે. એક ઉદારતા, બીજું સુહૃદયતા અને ત્રીજી સરળતા. સાધુ સરળતાથી જ શોભે અને તે અહીં છે, માટે લોકોને અને અમને અહીં દોડી દોડીને આવવાનું મન થાય છે.



પરમ પૂજ્ય શ્રી અધ્યાત્માનંદજી મહારાજ (શિવાનંદ આશ્રમ) અમદાવાદ

લગભગ ૪૫ વર્ષ પહેલા રાજકોટ ખાતે શાસ્ત્રીજી મહારાજે ખૂબ મોટો યજ્ઞ કર્યો હતો, ત્યારે મારા ગુરુ ચિદાનંદ સ્વામી સાથે ઉપસ્થિત રહ્યો હતો અને આજે ફરી આ યજ્ઞમાં ઉપસ્થિત રહી મારી જાતને ધન્ય માનું છું. ભગવાન સ્વામિનારાયણ અને એમના સંતોએ આવા યજ્ઞોની સાથે સાથે નાનામાં નાના માણસ સુધી પહોંચી જે સામાજિક સમરસતાનો યજ્ઞ કર્યો છે, તે હિન્દુ ધર્મને ખરેખર ઉજાગર કરનારો યજ્ઞ છે. આજે પણ આ સંસ્થા દ્વારા આવા યજ્ઞો થઈ રહ્યા છે, તે ખૂબ મોટી વાત છે.

પરમ પૂજ્ય જગદ્‌ગુરુ ૧૦૦૮ આચાર્ય શ્રી કૃષ્ણમણિજી મહારાજ - જામનગર

યજ્ઞ-પરંપરા વૈદિક પરંપરા છે. મહાપુરુષોએ એ પરંપરાને આપણા સુધી પહોંચાડી છે. સ્વામિનારાયણ સંપ્રદાયમાં પણ યજ્ઞ પરંપરા ખૂબ વિશિષ્ટ રહી છે. એ પરંપરાને વધુ વૈશિષ્ટ્ય પ્રદાન કરવાનું કાર્ય આ સંતો દ્વારા થઈ રહ્યું છે. એક બાજુ યજ્ઞ અને બીજી બાજુ જ્ઞાનયજ્ઞ, આ બન્ને કાર્યો અહીં સુંદર રીતે ચાલી રહ્યાં છે. સ્વામી માધવપ્રિયદાસજી અને સંતોના અથાક પ્રયત્ને આજે અહીં આવાં સારાં કાર્યો થઈ રહ્યાં છે. આ કાર્યો સમાજ, દેશ અને વિશ્વની સુખાકારી અને કલ્યાણ માટે થઈ રહ્યાં છે તે ખૂબ પ્રસંશનીય છે.



પરમ પૂજ્ય મહામંડલેશ્વર શ્રી ભારતીબાપુ, જૂનાગઢ

આજના સાંપ્રત સમયમાં વિશ્વમાં ભય, આંતક અને ભ્રષ્ટાચાર વાતાવરણને દૂષિત કરી રહ્યું છે ત્યારે આ ૧૧૧૧ કુંડી મહાવિષ્ણુયાગનું આયોજન દૂષિત વાતાવરણને જરૂર શુદ્ધ કરશે. હમણાં ઉજ્જૈનમાં કુંભમેળો આવી રહ્યો છે, ત્યારે અહીં આજે જ મીની કુંભમેળો શરુ થઈ રહ્યો હોય એવું લાગી રહ્યું છે. જગતનાં કલ્યાણની ભાવના લઈને આવો મોટો યજ્ઞ ઈતિહાસમાં સુવર્ણ અક્ષરે લખાશે. આ યજ્ઞનાં દર્શન કરીને હું ધન્ય થયો છું.

મહાનુભાવોની ઉપસ્થિતિ

આદરણીય રાજ્યપાલ શ્રી ઓ.પી. કોહલીજી

શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ में आज ११११ कुंडी श्री महाविष्णुयाग हो रहा है। इस आयोजन का हेतु विश्वशांति है। तो प्रश्न खडा होता है की शांति स्थापित कैसे होती है और अशांती उत्पन्न कैसे होती है? आज विश्व में चोरी, लूंटफाट, आन्तकवाद जैसे दुराचार अशांति फेलाते है और वह हमारे अंदर बैठा हुआ स्वार्थ करवाता है। इसीलिए जो शांति की स्थापना करनी है, तो हमारे भींतर जो स्वार्थ है उन्हें उखाडना होगा। उसके लिए निरंतर साधना करनी पडेगी और ऐसे यज्ञ करने पडेंगे। स्वार्थ का उलटा परमार्थ होता है। यज्ञ परमार्थ है और परमार्थ से ही शांति की स्थापना होती है। स्वार्थ के लिए किया गया कार्य अशांति का जनक है और परमार्थ के लिए किया गया कार्य यज्ञ है।

आज विश्व भयंकर अशांति से गुजर रहा है। आज सब लोग अपनी ही चिंता कर रहे है, दुसरों की कोई परवाह नहीं करते। तब विश्व कहां पहुँचेगा उनकी हम कल्पना नहीं कर सकते। ऐसे समय में इस संस्था द्वारा भव्य यज्ञ हो रहा है, वह अत्यंत प्रसंशनीय है। हमारी संस्कृति में देवऋण की कल्पना की गई है, जो प्रकृति के साथ जुडा हुआ है। आज हम प्रकृति को जो हानि पहुँचा रहे हैं, उनकी कुछ भरती इस यज्ञ से होगी। इस विश्वशांति यज्ञ हमारी चेतना में पडे स्वार्थ को नाबूद करें और परमार्थ की दिशा में ले जाये, ऐसी भगवान से प्रार्थना करते है।

कुमारपाळ देसाइ (सुप्रसिद्ध लेखक)



દક્ષયજ્ઞનો વિચાર કરીએ ત્યારે એક વિચાર એવો આવે કે યજ્ઞમાં તો સર્જન થયું જોઈએ, પણ દક્ષયજ્ઞમાં સંહાર કેમ થયો? તો એનું કારણ એવું હોઈ શકે કે દક્ષે શિવને આમંત્રણ નહોતું આપ્યું. જ્યાં શિવ ન હોય, અર્થાત્ કલ્યાણ ન હોય, ત્યાં સર્જન નથી થતું. આજે વિશ્વને કલ્યાણ કરે એવા યજ્ઞોની જરૂર છે. આજે પ્રત્યેક વીસ મિનિટે પ્રાણીની એક પ્રજાતિ નાશ પામી રહી છે, ત્યારે સર્વ જીવોનું હિત થાય તેવા યજ્ઞોની તાતી જરૂર છે. મને આનંદ એ વાતનો છે કે અહીં સંતો દ્વારા 'સર્વજીવહિતાવહ' યજ્ઞ થઈ રહ્યો છે. હનુમાનજી લંકાદહન કરી સીતાજી પાસે આવ્યા. ત્યારે સીતાજીએ કહ્યું, "પુત્ર! આ જ્વાળા શેની છે? આ પહેલા તો આવું ક્યારેય નથી થયું?" ત્યારે હનુમાનજીએ કહ્યું, "માતા! આ તમારાં પુત્રનું પરાક્રમ છે. પણ મા! મને લંકાદહન થતું હતું ત્યારે એક ચિંતા હતી કે આ જ્વાળાઓ તમારા સુધી તો નહીં પહોંચી હોય ને?" ત્યારે સીતાજીએ કહ્યું, "પુત્ર! તું મારાં રામને બરાબર સમજ્યો નથી. જે જ્વાળા તારા શરીરથી સાવ નજીક, તારાં પૂંછડાને લાગેલી હતી તો પણ તને કંઈ ન થયું, તો મારાં રામ એ લંકાની આગને મારા સુધી કેમ પહોંચવા દે!" આ છે શ્રદ્ધા. આવી શ્રદ્ધા યજ્ઞ દ્વારા આપણાં જીવનમાં પ્રગટે એવી ભગવાનને પ્રાર્થના.

રઘુવીરભાઇ ચૌધરી (જ્ઞાનપીઠ એવોર્ડ વિજેતા સાહિત્યકાર)

હું ગયા વર્ષે મારાં પૌત્ર સાથે અહીં આવ્યો અને અમે ત્રણ-ચાર કલાક અહીં વિતાવ્યા, તે અમારાં માટે યાદગાર થઈ ગયા. હમણાં મે મારાં પૌત્રને પૂછ્યું, 'આ ગુજરાતી ભાષા ટકશે કે કેમ?' ત્યારે એણે મને કહ્યું, 'દાદા! ગુજરાતી ભાષા ટકશે તો સ્વામિનારાયણ સંપ્રદાયના સંતો અને હરિભક્તોથી ટકશે, કારણ કે ભગવાન શ્રી સ્વામિનારાયણે ગુજરાતી ભાષાને ખૂબ સમૃદ્ધ બનાવી છે.' મારે અને માધવપ્રિયસ્વામીને વર્ષોથી નાતો છે. સ્વામી ઉત્તમ કવિ છે અને મોટા લેખક પણ છે. એમની કલમે ખૂબ સારા ગ્રંથો લખાયાં છે. ભગવાન શ્રી સ્વામિનારાયણ વિશે એમનું પુસ્તક આજના સમયને પારખીને લખાયું છે. એમના આ ગુરુકુલ દ્વારા જે પ્રવૃત્તિઓ થઈ રહી છે, એવી મેં ક્યાય જોઈ નથી. આવું સંસ્કૃત વિદ્યાલય ભારતમાં ક્યાંય નથી. આ ગુરુકુલ કોઈ સંપ્રદાયનું નથી, અહીં બધા સંતો શિક્ષકો છે અને બાળકોનો સર્વાંગી વિકાસ કરે છે.

डॉ. सत्पालसिंहजी (सांसदश्री, उत्तरप्रदेश) :-

कठोपनिषद में कहानी आती है - नचिकेता आचार्य मृत्यु के पास जाता है और आचार्य से पूछता है, 'स्वर्ग में जाने के साधन क्या है ?' यम तीन साधन दिखाते हैं। वेदाध्ययन, यज्ञ और दान। सारे ब्रह्मांड की रचना यज्ञ से शुरु हुई है। ब्रह्मांड का मूल यज्ञ है। यज्ञ से चारों वेदों की रचना हुई। सृष्टि-सृजन की घटना में जो आवाज आ रही थी, उस ध्वनि को वेद की ध्वनि कहते हैं। चारों वेद इस ध्वनिसे आये हैं। सबसे प्राचीन पुस्तक ऋग्वेद है। उस वेद का पहला मंत्र यज्ञ की बात करता है। "अग्नि मिळे पुरोहितं" चारों वेदों में एक प्रश्न समान है कि इस ब्रह्मांड की नाभि - केन्द्रबिन्दु कौन सा है ? एक ही उत्तर आया है कि यज्ञ उस चीज का नाम है, जो ब्रह्मांड का केन्द्र है।

यज्ञ दुनिया में सबसे अच्छा कार्य है। मनुष्यों ने महर्षि याज्ञवल्क्य को कहा कि, 'आप हमारे यज्ञ के आचार्य बनो।' तब महर्षिने कहा, 'अरे मनुष्यो ! तुम यज्ञ नहीं कर सकते। यज्ञ के अधिकारी तो केवल देवता ही है।' जो जीवन में सत्य का पालन करे, वो देवता है। इसलिए हम भगवान से प्रार्थना करें कि हम सत्य का पालन करें और यज्ञ के अधिकारी बने। बाहर के यज्ञ के साथ हमें अंदर भी दूर्गुणों को नाश करने का यज्ञ करना चाहिए। हमारे शास्त्रो में पशुहिंसा करना, चोरी करना और अवैद्य मैथुन, यह तीन शरीर के पाप; झूठ बोलना, चुगली करना, कठोर वचन बोलना और कुतर्क करना यह चार वाणी के पाप; और दुसरों का बूरा सोचना, पराया धन पाने का विचार करना ऐवं नास्तिकता यह चार मन के पाप कहे गये हैं। यदी हम यह पापो से बचें, तो ही हमारा यज्ञ सार्थक है। आज ग्लोबल वॉर्मिंग की बातें चलती है। यदी हम यज्ञ करें, शाकाहार भोजन करें और वृक्षारोपण करें तो इस परेशानी से बच सकते हैं। उनके लिए हमें यज्ञ करना चाहिए। आज सारी परेशानीओं का एक ही इलाज है और वह है यज्ञ। यहाँ पूज्य माधवप्रिय स्वामीजी ने आज इतना बडा यज्ञ करके देश की, दुनिया की बहुत बडी सेवा की है। शास्त्रों में तीन ऋण कहे गऐ है। देवऋण, पितृऋण और गुरुऋण। यदी हम प्रकृति का जतन करें, हवा-पानी-धरती को शुद्ध रखें तो ही देवऋण में से मुक्त हो सकते हैं। माता-पिता के हमारे उपर बहुत ऋण है। यदी हमारे घर संतान की प्राप्ति हो जाये तब हम पितृऋण में से मुक्त होते हैं। हमारे ऋषिमुनिओं ने हमें दी हुई परंपरा का पालन करें, वेदों का अध्ययन करें, सुसरित जीवन जीए, तो ऋषिऋण में से मुक्त हो सकते हैं।

શ્રી જયદેવભાઈ સોનગરા

શ્રી રવિભાઈ ત્રિવેદી

શ્રી ડૉ. વિનોદભાઈ શેખ

આગામી આયોજન

તા. ૪/૨/૧૬, ગુરુવાર : **ષડ્તિલા એકાદશી :** કીર્તનભક્તિ, સાંજે ૮ : ૩૦ કલાકે, મેમનગર ગુરુકુલ.

તા. ૧૨/૨/૧૬, શુક્રવાર : **વસંત પંચમી :** શ્રી રામ-શ્યામ-ઘનશ્યામ મહારાજ પાટોત્સવ તથા શાકોત્સવ અભિશેક દર્શન : સવારે ૭:૦૦ કલાકે, અન્નકૂટ દર્શન સ્વારે ૯:૦૦ કલાકે, છારોડી ગુરુકુલ.

તા. ૧૬/૨/૧૬, મંગળવાર : **શ્રીહરિ જયંતિ :** શ્રી નિલકંઠવર્ણી પયોભિષેક તથા રાજોપચાર પૂજન, સવારે ૬:૩૦ કલાકે

તા. ૧૮/૨/૧૬, ગુરુવાર : **જયા એકાદશી :** કીર્તનભક્તિ, સાંજે ૮ : ૩૦ કલાકે, મેમનગર ગુરુકુલ.

તા. ૨૪/૨/૧૬, બુધવાર : **પૂજ્ય શાસ્ત્રીજી મહારાજની પુન્યતિથિ :** અખંડ ધૂન તથા ગુણાનુવાદ સભા, અમદાવાદ ગુરુકુલ

ભારતીય સંસ્કૃતિ પ્રદર્શન

આયુર્વેદનું મહત્વ અને મહાત્મ્યનું નિર્દેશ કરાવતું વિશાળ પ્રદર્શન, યજ્ઞ-સંસ્કૃતિ અને આધુનિક સમયમાં યજ્ઞનું મહત્ત્વ બતાવતું તથા યજ્ઞના વિવિધ સાધનો અને વિધિઓની વિસ્તૃત માહિતી આપતું પ્રદર્શન, વ્યસનમુક્તિ પ્રદર્શન, વિસરાતા ક્રાન્તિવીરોની વિસ્તૃત માહિતી આપતું પ્રદર્શન જેવા વિવિધ પ્રદર્શનોનું આયોજન મહોત્સવ દરમિયાન કરવામાં આવ્યું હતું. આ પ્રદર્શનની સાથે વિશાળ ઓડિટોરીયમમાં આયુર્વેદ તથા યજ્ઞ આધારિત વિડિયોદર્શન દ્વારા વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી. મહોત્સવ દરમિયાન ૪૦,૦૦૦થી વધુ ભક્તજનોએ આ પ્રદર્શનોની મુલાકાત લીધી હતી.

આ ઉપરાંત મહોત્સવ દરમિયાન આયુર્વેદ આધારિત નેત્રચિકિત્સા, રક્તમોક્ષણ, અગ્નિકર્મ, દંતચિકિત્સા, ચર્મચિકિત્સા, ક્ષારસૂત્ર-ચિકિત્સા વગેરે ચિકિત્સાઓના કેમ્પ રાખવામાં આવ્યા હતા. જેમાં ૨૫૦૦ દર્દીઓએ સારવાર કરાવી વિનામૂલ્યે દવા મેળવી હતી. આ ચિકિત્સાલયમાં ૬૨ નિષ્ણાત વૈદ્યો તથા ૧૩૨ જેટલા આયુર્વેદના વિદ્યાર્થીઓએ પોતાની સેવા આપી હતી.

સમાચાર દર્શન

સત્સંગ યાત્રા-આફ્રિકા

આફ્રિકાની ટૂંકી યાત્રાએ પધારેલા પૂજ્ય સ્વામીજીના સાનિધ્યમાં સનાતન હિન્દુ મંદિરના વિશાળ હૉલમાં યોજાયેલ સત્સંગસભા, કિસુમુ.

કિસુમુ પાસેના ઇકોરો ગામે નવાં બંધાઇ રહેલા ચર્ચની મુલાકાતે પૂજ્ય સ્વામીજી. આ ચર્ચ કિસુમુના સહજાનંદ બિલ્ડર્સના દેવજીભાઈ છભાડિયાના પરિવારજનો શ્રી રવિભાઈ, ચંદુભાઇ અને કાનજીભાઈના સંપૂર્ણ આર્થિક યોગદાનથી બંધાઇ રહ્યું છે.

પૂજ્ય સ્વામીજીના સાનિધ્યમાં શ્રી કચ્છી લેવા પટેલ સમાજના વિશાળ હોલમાં યોજાયેલ સત્સંગ સભા, નાઇરોબી.

ટેનિસ ગ્રાઉન્ડ ઓપનીંગ

પરમ પૂજ્ય ગુરુવર્ય શાસ્ત્રી શ્રી માધવપ્રિયદાસજી સ્વામી, વિશ્રામભાઈ પટેલ (વિજય કન્ટ્રકશન, શિસલ્સ) તથા મહાનુભાવોના હસ્તે SGVP ખાતે નેશનલ કક્ષાનું ટેનીસ કોર્ટ, બાસ્કેટબૉલ ગ્રાઉન્ડ તથા ક્રિકેટ પ્રેક્ટિસ વિકેટનું ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું હતું.

આર્યાવર્ત કી ઉડાન :- SGVP ઈન્ટરનેશનલ સ્કૂલ દ્વારા અન્યુઅલ ડે નિમિત્તે ભારતીય સંસ્કૃતિને પ્રદર્શિત કરતો અદ્‌ભૂત પ્રોગ્રામ 'આર્યાવર્ત કી ઉડાન' રજૂ કરવામાં આવ્યો હતો. જેમાં ભગવાન રામથી માંડી કલામ સુધીના મહાપુરુષોના ભારતીય સંસ્કૃતિ પ્રત્યેના પ્રદાનને ૧૦૦૦ વિદ્યાર્થીઓ દ્વારા, ૯૦૦૦ સ્કવેર ફૂટના સ્ટેજ ઉપર, ૧૨૦૦ સ્કવેર ફૂટ એલ.ઈ.ડી સ્ક્રીનના સથવારે રજૂ કરવામાં આવ્યું હતું. વિદ્યાર્થીઓને તૈયાર કરવામાં કુલ ૨૦૦૦ કલાકની અથાક મહેનત અને ૧૧૫ ટેકનિશીયન, ૧૪૫ વોલેન્ટીયર્સ, ૫૦ કોરિયોગ્રાફરની મદદ લેવામાં આવી હતી. લાઈટીંગ, સાઉન્ડ અને સિનેમેટોગ્રાફીના સહયોગથી ગુજરાતમાં સૌપ્રથમવાર ભવ્યાતિભવ્ય કાર્યક્રમ યોજાયો.

ગુરુકુલ ગૌરવ :- તાજેતરમાં તીરુપતિ ખાતે યોજાયેલ રાષ્ટ્રીય સંસ્કૃત વાક્‌પ્રતિયોગીતામાં દર્શનમૂમાં અભ્યાસ કરતા શાસ્ત્રી શ્રી નિરંજનદાસજી સ્વામીએ ગોલ્ડ મેડલ, શાસ્ત્રી મુનિવત્સલદાસજી સ્વામીએ બ્રોન્ઝ મેડલ તથા ભટ્ટ મૌલિકે સીલ્વર મેડલ મેળવીને સંસ્થાનું ગૌરવ વધાર્યું હતું.

સંગીત સંધ્યા : તા. ૨૮ ડીસેમ્બરના રોજ હૃદય કુટીરે પ્રેમાનંદ મ્યુઝિક એકેડેમી દ્વારા સંગીત સંધ્યાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં અમદાવાદના પ્રસિદ્ધ કલાકારો દ્વારા સુફી, શાસ્ત્રીય, સુગમ અને લોક સંગીતની રજૂઆત કરવામાં આવી હતી.

રાજ્ય સરકાર દ્વારા ગોંડલ ખાતે યોજાયેલ કાઠિયાવાડી તથા મારવાડી અશ્વ શોમાં SGVPનો ભગીરથ ઘોડો પ્રથમ વિજેતા થયો હતો.

ધનુર્માસ કથા :- શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ અમદાવાદ ખાતે ધનુર્માસ નિમિત્તે સુપ્રસિદ્ધ કથાકાર હેમાંગભાઈ શાસ્ત્રીએ ભાગવતની મૂળ કથાનું રસપાન કરાવ્યું હતું. આ ઉપરાંત પૂજ્ય સ્વામીજીએ પણ વચનામૃત ઉપર કથાવાર્તાનો લાભ આપ્યો હતો.

બટુકભાઈ કળથિયાના ઘરે મહાપૂજા પ્રસંગે ઉપસ્થિત સંતો, ભાવનગર

શ્રદ્ધાસુમન

પરમ પૂજ્ય સદ્‌ગુરુ હરિસ્વરૂપદાસજી સ્વામી (ધ્યાની સ્વામી) :- શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ કણભાના સંસ્થાપક અને વડતાલ દેશના બ્રહ્મનિષ્ઠ સંત પરમ પૂજ્ય સદ્‌ગુરુ ધ્યાની સ્વામી ૨૬, ડિસેમ્બરના રોજ અક્ષરધામ સીધાવ્યા છે. પૂજ્ય સ્વામીએ સંપ્રદાયમાં અનેક મંદિરોના નિર્માણ કર્યા છે, સર્વગુણે સંપન્ન સંતો તથા અનેક સમર્પિત હરિભક્તોની મોટી ભેટ આપી છે. પૂજ્ય સ્વામીનું જીવન નંદસંતોના જીવનની ઝાંખી કરાવનારું હતું. ભજન, ભક્તિ, જ્ઞાન, વૈરાગ્યાદિક અનેક ગુણોના ભંડાર સમાન સ્વામીના અક્ષરવાસથી સંપ્રદાયને ક્યારેય ન પૂરાય તેવી મોટી ખોટ પડી છે. સમસ્ત **SGVP** પરિવાર પૂજ્ય સ્વામીના ચરણોમાં શ્રદ્ધાસુમન અર્પણ કરે છે અને સ્વામીના સંતમંડળને મહારાજ ધીરજ અર્પે એવી પ્રાર્થના કરે છે.

પરમ પૂજ્ય સદ્‌ગુરુ સ્વયંપ્રકાશદાસજી સ્વામી :- શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ જયદેવપુરા અને મહાદેવનગરના સંસ્થાપક, સમસ્ત ખાખરિયા પ્રદેશમાં સત્સંગનું પોષણ કરનાર, અનેક જીવોને ભગવાનનો મહિમા સમજાવનાર પરમ પૂજ્ય સદ્‌ગુરુ સ્વયંપ્રકાશદાસજી સ્વામી અક્ષરવાસી થયા છે. પૂજ્ય સ્વામીના અક્ષરવાસથી સમસ્ત સત્સંગને એક સાધુગુણે સંપન્ન સંતની ખોટ પડી છે. સમસ્ત **SGVP** પરિવાર પૂજ્ય સ્વામીના ચરણોમાં શ્રદ્ધાસુમન અર્પણ કરે છે.

અ.નિ. પ.ભ. શ્રી દેવશીભાઇ કુરજીભાઇ ગરારા :- ગામ બળદીયા હાલ નાઇરોબી નીવાસી દેવશીભાઈ ગરારા ૧૩ જાન્યુઆરીના રોજ અક્ષરવાસી થયા છે. દેવશીભાઈ સત્સંગના સ્તંભ સમાન હતા. એમણે શ્રી સ્વામિનારાયણ પૂર્વ આફ્રિકા સ્વામિનારાયણ મંદિર અને કચ્છી લેવા પટેલ સમાજની ખૂબ સેવાઓ કરી છે. ભગવાન શ્રીહરિ અને સંતોમાં હેતવાળા દેવશીભાઈના અક્ષરવાસથી સારાએ સત્સંગને એક ખરા સેવકની ખોટ પડી છે. ભગવાન શ્રીહરિ તેમના આત્માને પોતાની મૂર્તિનું સુખ આપે તથા લાલજીભાઈ, ભીમજીભાઈ વગેરે પરિવારને ધીરજ અર્પે તેવી પ્રાર્થના.

અ.નિ. પ.ભ. શ્રી રસિકભાઇ હરદાસભાઇ ભંડેરી :- ભગવાન શ્રી સ્વામિનારાયણના અનન્ય ઉપાસક, ગુરુકલના ગૌરવવંતા વિદ્યાર્થી, નિર્મળ અને નિખાલસ સ્વભાવવાળા, સંતો અને ભગવાન પ્રત્યે અનન્ય સ્નેહ અને સમર્પણભાવ ધરાવનારા, શૂરવીરતાના અંગવાળા સુરત નિવાસી શ્રી રસિકભાઈ ભંડેરી ૫૮ વર્ષની ઊંમરે ભગવાન શ્રીહરિની અખંડ સેવામાં સિધાવ્યા છે. રસિકભાઈનો અચાનક અક્ષરવાસ સમસ્ત ગુરુકુલ પરિવાર અને ભંડેરી પરિવાર માટે ભારે આઘાત જનક છે. ભગવાન શ્રીહરિ ભરતભાઈ, સુપુત્ર અમિત તથા સમસ્ત પરિવારને ધૈર્ય અને પ્રભુ ચરણમાં પ્રીતિ અર્પે એ જ પ્રાર્થના.

અ.નિ. પ.ભ. શ્રી કાનજીભાઇ તેજાભાઇ કેરાઇ :- ગામ માનકુવા, હાલ નાઇરોબી નિવાસી કાનજીભાઈ કેરાઈ અક્ષરવાસી થયા છે. ગુરુકુલ સાથે વર્ષોથી જોડાયેલા અને સંતોમાં અપાર હેતવાળા કાનજીભાઈના અક્ષરવાસથી સમગ્ર સત્સંગને મોટી ખોટ પડી છે. ભગવાન શ્રીહરિ તેમના આત્માને સુખીયો કરે તથા મનજીભાઈ, લાલજીભાઈ, ગોવિંદભાઈ વગેરે પરિવારજનોને ધીરજ અર્પે તેવી પ્રાર્થના.

અ.નિ. પ.ભ. શ્રી નવીનદાનજી માવદાનજી ગઢવી :- ગામ કાલાવડ હાલ અમદાવાદ નિવાસી, ગુરુદેવ શાસ્ત્રીજી મહારાજ તથા મોટા સંતોના કૃપાપાત્ર અને પ્રસિદ્ધ કવી માવદાનજીભાઈના સુપુત્ર નવીનદાનજી અક્ષરવાસી થયા છે. આ આખો પરિવાર ગુરુકુલ સાથે વર્ષોથી જોડાયેલો છે. ભગવાન શ્રીહરિ નવીનદાનજીના આત્માને પોતાની મૂર્તિનું સુખ આપે તથા સુરેશભાઈ, મહેશભાઈ, મુકેશભાઈ વગેરે પરિવારજનોને ધીરજ આપે તેવી પ્રાર્થના.



અ.નિ. પ.ભ. શ્રી જયંતિભાઇ ગોરધનદાસ કોરાટ :- ગામ પારડી હાલ રાજકોટ નિવાસી પ.ભ. શ્રી જયંતિભાઈ ૫૫ વર્ષની ઉંમરે અક્ષરવાસી થયા છે. ભગવાન શ્રીહરિ તથા સંતોમાં અપાર હેતવાળા જયંતિભાઈના અક્ષરવાસથી ગુરુકુલ પરિવારને એક સન્નિષ્ઠ સેવકની ખોટ પડી છે. ભગવાન શ્રીહરિ જયંતિભાઈના આત્માને સુખિયો કરે તથા તેજ, કમલેશભાઈ, ઘનશ્યામભાઈ વગેરે પરિવારજનોને ધીરજ અર્પે તેવી પ્રાર્થના.

અ.નિ. પુરબાઇ મુળજી ભીમજી હીરાણી :- ગુરુકુલ પરિવારના અનન્ય સેવક લંડન નિવાસી શ્રી રવજીભાઈ હીરાણીના માતુશ્રી પુરબાઈ ૯૧ વર્ષની ઉંમરે ભારાસર ગામે તારીખ ૫, ડીસેમ્બરના રોજ અક્ષરવાસી થયા છે. પુરબાઈના પવિત્ર આત્માને ભગવાન શ્રીહરિ પોતાની મૂર્તિનું અખંડ સુખ આપે તથા રવજીભાઈ, રામજીભાઈ, કલ્યાણભાઈ, મનજીભાઈ, સૂર્યકાંતભાઈ વગેરે પરિવારને ધીરજ આપે એવી પ્રાર્થના.

અ.નિ. મુક્તાબેન લાલજીભાઇ પટેલ :- ગામ મણિપુરા, હાલ અમદાવાદ નિવાસી અને ગુરુકુલમાં વર્ષોથી ટ્રાન્સપોર્ટ વિભાગમાં નિષ્ઠાથી સેવા કરતા લાલજીભાઈ પટેલના ધર્મપત્નિ શ્રી મુક્તાબેન શ્રીહરિનું સ્મરણ કરતા થકા અક્ષરવાસી થયા છે. મુક્તાબેન ખૂબ જ સેવાભાવી અને ભક્તિપરાયણ હતા. મહારાજને પ્રાર્થના કરતા કરતા તેમણે દેહ છોડ્યો હતો. આ પવિત્ર આત્માને ભગવાન શ્રીહરિ પોતાની મૂર્તિનું અખંડ સુખ આપે તથા લાલજીભાઈ, મહેન્દ્રભાઈ, નરેશભાઈ વગેરે પરિવારને ધીરજ આપે એવી પ્રાર્થના.

અ.નિ. શ્રી નિર્મળાબેન ઇશ્વરભાઇ પટેલ :- ગામ આણંદ નિવાસી નિર્મળાબેન ઈશ્વરભાઈ પટેલ ૮૩ વર્ષની ઉંમરે અક્ષરવાસી થયા છે. આ પવિત્ર આત્માને શ્રીહરિ ભગવાન શ્રીહરિ પોતાની મૂર્તિનું સુખ આપે તથા ઈશ્વરભાઈ, શૈલેસભાઈ વગેરે પરિવાર જનોને ધીરજ આપે એવી પ્રાર્થના.

શ્રીમદ્ ભાગવત કથા

તારીખ ૧થી ૫ જાન્યુઆરી દરમિયાન ગોધરા ખાતે પરમ પૂજ્ય ગુરુવર્ય શાસ્ત્રી શ્રી માધવપ્રિયદાસજી સ્વામીના વ્યાસાસને શ્રીમદ્ ભાગવત કથાપારાયણ પ્રસંગે પરમ પૂજ્ય આચાર્ય મહારાજ શ્રી રાકેશપ્રસાદજી મહારાજે ઉપસ્થિત રહી શુભાશીર્વાદ પાઠવ્યા હતા તથા 'ભગવાન શ્રી સ્વામિનારાયણ ચરિત ગાથા' અને 'અનોખી જીવનયાત્રા-અનિડાથી એકન' પુસ્તકનું વિમોચન કર્યું હતું. આ કથાનું સમગ્ર આયોજન મુંબઈ નિવાસી મહેન્દ્રભાઈ રવજીભાઈ મકવાણા, સુપુત્રો કેતન, શિલ્પીન તથા સમગ્ર મકવાણા પરિવારે કર્યું હતું. તેમજ આ આયોજનમાં પવન સ્વામી તથા ગોધરા સત્સંગ મંડળનો ખૂબ જ સહકાર મળ્યો હતો.

મહા રક્તદાન કેમ્પ

સ્વ. પાંચાભાઈ શામજીભાઈ સોરઠિયાની નવમી પુણ્યતિથિ નિમિત્તે મહા રક્તદાન કેમ્પ અને અન્નપૂર્ણા રથ અર્પણનો કાર્યક્રમ રાજકોટ ખાતે યોજાયો હતો. આ પ્રસંગે ખૂબ મોટી સંખ્યામાં રક્તદાન થયું હતું. આ પ્રસંગે પરમ પૂજ્ય બાલકૃષ્ણદાસજી સ્વામી, મોહન ઝા (પોલીસ કમીશ્નર, રાજકોટ), નરેશભાઈ પટેલ (પ્રમુખ, ખોડલધામ-કાગવડ) વગેરે મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમનું આયોજન જયેશભાઈ, કિશોરભાઈ, સંદિપભાઈ વગેરે સોરઠિયા પરિવાર દ્વારા કરવામાં આવ્યું હતું.

"GURUKUL DARSHAN" R.N.I.No. GUJGUJ/2009/28937. Registered under Postal Reg. No. GAMC-1468/2016-2018
Valid Upto 31-12-2018 issued by SSPO's Ahmedabad City Division, permitted to post at Ahmedabad PSO on 25th of every month.
Licence to post without Prepayment No. CPMG/GJ/112/2016-2018 valid upto 31-12-2018. Date of Publication is 25th of every month.

મહોત્સવના ભવ્ય મંચ ઉપર ઉપસ્થિત સદ્‌ગુરુ સંતો,
રાજ્યપાલશ્રી તથા મહાનુભાવો

મહોત્સમાં ઉપસ્થિત ગુરુકુલ પરિવારના ભક્તજનો